श्रीमान् श्री जयानंद विजयजी

श्री આનંદવિકાશક ગ્રન્થાવલી—૧.

પુજ્યપાદ પરમોપકારકુદાગમોદ્ધારક પન્યા-
સજી શ્રીમદાનન્દસાગરગણિસદ્ગુરુભ્યો નમઃ ॥

# શ્રીનાભાકરાજ ચરિત્ર.

## ગૂર્જર ભાષાન્તર.

ભાષાંતરકર્તા તથા પ્રકાશક.

**પુરૂષોત્તમ જયમલદાસ મહેતા.**

નાણાવટ પંડોળીપોળ—સુરત.

સંશોધકઃ—પૂજ્યપાદ પન્યાસજી શ્રી ગંભીર
વિજયજી મહારાજના વિદ્વદ્વર્ય શિષ્યરત્ન
મુનિ શ્રીઆણંદવિજયજી.

વીર સંવત ૨૪૪૫ વીક્રમ સંવત ૧૯૭૪

કીંમત રૂ. ૦-૫-૦

આ પુસ્તકના અગાઉથી ગ્રાહકો થઈ જે જે સદ્-ગૃહસ્થોએ મહારાકાર્યને ઉત્તેજન આપ્યું છે તેઓનો અત્રે આભાર માનવા સાથે તેમના મુબારક નામો અત્રે દાખલ કરવામાં આવે છે.

| નકલ | ગ્રાહકોના નામ | ગામનું નામ. |
|---|---|---|
| ૧૦૦ | શાહ પોપટલાલ રીખવદાસ | નાશીક |
| ૧૦૦ | શાહ હેમચન્દ ભાઇચન્દ | નાશીક |
| ૨૫ | શાહ હીરાચંદ સુરચંદ | સાંગલી. |
| ૧૦ | જીવરાજ છગનલાલ દેશાઇ | મુંબઈ. |
| ૨૦ | ચુનીલાલ છગનચંદ શરાફ | સુરત. |
| ૧૫ | કસ્તુરચંદ હેમચન્દ દેશાઇ | ભરૂચ. |
| ૧૫ | ભુરાભાઈ અમુલખ શાહ | મુંબઈ. |
| ૧૦ | મગનલાલ પુરૂષોત્તમદાસ બદામી | સુરત. |
| ૧૦ | શેઠ નેમચન્દ પીતાંબરદાસ | મીઆગામ. |
| ૧૦ | શાહ ખીમચંદ ગુલાબચંદ | સીસોદરા. |
| ૫ | ચંદુલાલ ચીમનલાલ કાપડીયા | સુરત. |
| ૫ | ઝવેરચંદ રાયચંદ શાહ | સુરત. |
| ૫ | ચુનીલાલ પ્રેમચંદ શાહ | સુરત. |

૩૩૦

આથી ઓછી નકલના ગ્રાહકોના નામો સ્થલસંકોચને લીધે આપી શકયા નથી.

पूज्यपाद परमोपकारकृदागमोद्धारक पन्यासजी
श्रीमदानन्दसागरगणिसद्गुरुभ्यो नमः

# શ્રીનાભાકરાજ ચરિત્ર ગુર્જર ભાષાન્તર.

મૂલકર્તા-શ્રીમાન્ મેરૂતુંગાચાર્ય.

ભાષાંતરકર્તા તથા પ્રકાશક,

પુરૂષોત્તમ જયમલદાસ મહેતા.
નાણાવટ પંડોળીપોળ-સુરત.

સંશોધકઃ-પૂજ્યપાદ પન્યાસજી શ્રી ગંભીર વિજયજી
મહારાજના વિદ્વદ્વર્ય શિષ્યરત્ન મુનિ શ્રીઆણંદવિજયજી.

વીર સંવત ૨૪૪૫ — વીક્રમ સંવત ૧૯૭૪

मा कार्षीत् कोऽपि पापानि, मा चाभूत् कोऽपि दुःखितः
मुच्यतां जगदप्येष, मतिर्मैत्री निगद्यते ॥
( श्रीमद् हेमचन्द्राचार्यजी )

પ્રથમ આવૃત્તિ — નકલ-૧૦૦૦
કીંમત ૦-૫-૦

સ્થાનઃ

ભાષાંતરકર્ત્તા તથા પ્રસિદ્ધકર્ત્તા,

**ગુરૂષોતમ જયમલ્લદાસ મહેતા,—સુરત.**

શા. ખુબચંદ અમીચંદના ધી સુરત "જૈન" એન્જીન
પ્રીન્ટીંગ પ્રેસમાં પ્રભુશંકર નરભેરામ વ્યાસે છાપ્યું.
ઠે. ખપાટીઆ ચકલા—સુરત.

दृश्यन्ते दिवसोदये जगति ये भावास्तु सायं न ते,
भुक्तं भोजनमेव षड्रसयुतं तत्कालनाशं गतम्;
बालत्वं बत यौवनं च गदतः क्षीणाल्पता वृद्धताऽप्येऽव-
स्थां हि विलोक्य सारसमताधर्मे प्रयत्नं कुरु ॥ १ ॥

અર્થ—પ્રાતઃકાલ સમયે જે પદાર્થો સુંદર સુંદર ભાસે છે તેજ પદાર્થો સાયંકાલે તે સ્વરૂપમાં દ્રષ્ટિગોચર થતા નથી, તથા છરસથી મિશ્ર અને સ્વાદિષ્ટ ભોજન પણ ખાધાની સાથેજ વિનાશ પામે છે અર્થાત નહિ દેખવાલાયક જુદા સ્વરૂપને ધારણ કરે છે, બાલ્યવય, યુવાનવયપણું અનેક રોગોને ભોગ્ય થઈ ક્ષીણ થાય છે, તથા વૃધ્ધાવસ્થાથી ક્ષીણ થયેલ શરીરાવસ્થાને તું પ્રત્યક્ષ જોઇને પ્રધાન એવા સમતા ધર્મને વિષે પ્રયત્ન કર.

एकस्त्वं गुणभृत्सदैव भुवने कस्यापि कश्चिन्न ते,
सर्वः स्वार्थपरः पिता च जननी सूनुर्वधुर्बान्धवः ।
दायादः स्वजनः सुहृच्च भगिनी स्वामी तथा सेवको,
हित्वा तस्मात्विबन्धनं जिनपतेर्धर्मं भज त्वं मुदा ॥ २ ॥

વિવેચન—હે જીવ! આ ત્રણ જગતને વિષે જ્ઞાનાદિ અનંત ગુણોથી ભરપૂર તું એકલોજ છે. અને તારૂં કોઈ પણ છેજ નહિ, તથા ભાઈ, પિતા, પુત્ર, માતા અને સ્ત્રી એ સર્વ લોકો પોતપોતાના સ્વાર્થમાંજ તત્પર છે તેમજ એક ગોત્રજના લોકોના તથા કુટુંબ, મિત્ર, બેન, સ્વામી, સેવક એ સર્વના સ્નેહનો ત્યાગ કરી જીનેશ્વર પ્રભુ કથિત ધર્મનું હર્ષપૂર્વક તું ધ્યાન કર.

(ઉપદેશશતક.)

## मंगलाचरण.

ऐन्द्रश्रेणिनताप्रतापभवनं, भव्याङ्गिनेत्रामृतं;
सिद्धान्तोपनिषद्विचारचतुरैः प्रीत्या प्रमाणीकृता
मूर्त्तिः स्फूर्तिमती सदा विजयते जैनेश्वरी विस्फुरन्
मोहोन्मादघनप्रमादमदिरामत्तैरनालोकिता ॥ १ ॥

प्रभाकरो यः परमः कलानिधि, र्य एव यस्मादपरो न पावकः
विभाति यद्भाभिरिदं चराचरं, जिनाय तस्मै परमात्मने नमः॥२॥

# ગ્રંથના સંબંધમાં કિંચિદ્વક્તવ્યતા.

જૈનધર્મના તત્ત્વોની સંકલના એવી સુંદર ખુબીથી અને ઉચ્ચદૃષ્ટિથી કરવામાં આવી છે કે દરેક જીજ્ઞાસુ જનોને જૈનધર્મના તત્ત્વનો સરલતાની દૃષ્ટિથી સાંગોપાંગ નિર્ણય થઇ નિઃશંકત્વપ્રાપ્ત થાય. આવા કારણથીજ જૈનશાસ્ત્રકારોએ મુખ્યત્વે કરીને જૈન ગ્રંથોના ચાર વિભાગ પાડેલા છે. ૧ દ્રવ્યાનુયોગ ૨ ગણિતાનુયોગ ૩ ચરિતાનુયોગ ૪ ચરણકરણાનુયોગ. આ પ્રમાણે ચાર વિભાગ પૃથક્ પૃથક્ કરવાનું પ્રયોજન એજ કે જેઓને જે વિષય અતીપ્રીય, આલ્હાદક તથા સુલભતાથી સમજાય તેવો હોય તેઓ તે તે વિષયીક ગ્રંથોનું ક્રમશઃવાચન -મનન-નિદિધ્યાસન કરવા દ્વારા પોતાના મગજમાં ધાર્મિક સંસ્કારો સુદૃઢરીતે સ્થાપન કરી ચિત્તવિકાશમય કરવા પૂર્વક આત્મકલ્યાણની ઉચ્ચ શ્રેણિપર અનુક્રમે આરૂઢ થવા પ્રવૃત્તિમાન થાય. એજ ઉચ્ચ ને વિશાલ ઉદ્દેશ જૈન શાસ્ત્રકારોનો છે. પ્રથમ વિભાગનું સ્વરૂપ દ્રવ્યાનુયોગના ગ્રંથોમાં ધર્માસ્તિકાયાદિ ષડ્દ્રવ્ય,નવતત્વ વિગેરેનું ઘણુંજ બારીક રીતે આલેખવામાં આવ્યું છે બીજા વિભાગમાં ચંદ્ર-સૂર્ય વિગેરેની ગણત્રી તથા ગ્રહાદિકોનિ ગતિ તેનું પ્રમાણ અને પદાર્થોપર તેનિ શુભાશુભ થતી અસર તથા જંબુદ્વીપાદિકનું વર્ણન વિગેરે ગણિત આવે છે. ત્રીજા વિભાગમાં પૂર્વપુરૂષોની કથાઓ, મહાન્ ધર્માચાર્યો, શ્રેષ્ઠ ગુણધારકનૃપવરો વિગેરેના જીવનચરિત્રનો આબેહુબ મનોરંજક અને આચરણીય ચિતાર ખડો કર્યો છે. ચોથા

વિભાગમાં ધર્માનુષ્ઠાનવિધિ વિગેરે આવે છે. અહીં આટલું દિગ્દર્શન કરવાનું પ્રયોજન માત્ર એટલુંજ છે કે આ પ્રસ્તુત ગ્રંથનું ભાષાંતર ઉપરોક્ત ચારવિભાગમાંના એક ત્રીજા ચરિતાનુયોગ વિભાગમાં અન્તર્ગત થાય છે. આ ભાષાન્તરમાં દેવદ્રવ્ય વિનાશ કરવાથી નારકી-તિર્યંચ વિગેરેના અસહ્ય તેમજ કેવાં ઘોર દુઃખો સહન કરવાં પડે છે તે સંબંધી શ્રીનાભાકરાજાના ચરિત્રમાં બહુ સારી રીતે વર્ણન આપેલ છે. આ શ્રીનાભાકરાજાનું ચરિત્ર મૂલ સંસ્કૃત પદ્યમાં મેરૂતુંગાચાર્યે મહારાજે કરેલ છે, આ ગ્રંથકાર ક્યારે અને ક્યાં થયેલ છે તથા તેમણે ક્યા ક્યા બીજા ગ્રંથો બનાવી ભવ્યજીવોપર ઉપકાર કરી ઉત્તમ ચારિત્ર પાલિ આત્માર્થી જનોને આનંદિત કરેલ છે, તથા તેમના માત-પિતા અને તેમનો દિક્ષાકાલ તથા ચારિત્રકાલ કેટલો છે વિગેરે હકીકતનું મંથન કરવાનો પ્રયાસ અમોએ બીલકુલ કરેલ નથી તેનું કારણ માત્ર અમોને તેમનું ચરિત્ર ઉપલબ્ધ થયેલ નથી અને તે ગ્રંથકાર ખરતરગચ્છાનુયાયિ છે એમ પોતેજ ગ્રંથાન્તે લખે છે આ ગ્રંથ ક્યારે કરેલ છે તે વાત ગ્રંથકાર પોતેજ ગ્રન્થાન્તે બતાવે છે તે ઉપરથી ઇતિહાસ શોધકોને માલૂમ પડશે. ભાષાન્તર મૂલ સંસ્કૃત શ્લોકોનું કરેલ છે. વર્ત્તમાન સમયમાં ઘણે સ્થલે દેવદ્રવ્યનું સારી રીતે રક્ષણ કરવામાં પ્રાયઃ બહુજ ઓછું લક્ષ આપવામાં આવે છે. કેટલેક સ્થલે દહેરાસરના વહીવટ કરનારાઓ દેવદ્રવ્યની કેવી સારીરીતે વ્યવસ્થા રાખવાની જરૂર છે તથા તેના વિનાશથી કેવું માઠું ફલ ભોગવવું પડશે તેનું સ્વરૂપ સંપૂર્ણતો શું કિન્તુ અલ્પરીતે પણ જાણતાં હોતા નથી. કેટલેક ઠેકાણે દશ-દશ કે પંદર પંદર વર્ષ સુધી ઉપાશ્રય કે દહેરાસરમાં બોલાએલ ઘીના પૈસા પણ કુસંપને લીધે શ્રાવકોને ઘેર

પડેલા હોય છે અર્થાત્ તેઓ આપતાજ નથી તેમ દેવદ્રવ્ય ભક્ષણના દોષથી તેઓની બુદ્ધિપણ મલીન બને છે. કારણ કે यादृशी क्रिया तादृशी बुद्धिः મ્હારા સાંભળવા પ્રમાણે દક્ષિણ વિગેરે દેશના કેટલાએક ગામડાઓ એવા છે કે જ્યાં ઉત્તમ ઉપદેશક મુનિરાજોનો વિહાર ઘણો અલ્પ હોય છે, શ્રાવકો ધર્મ કઇ રીતેએ પાલન કરવાની આવશ્યકતા છે તે નહિં જાણતાં હોવાથી માત્ર જૈન નામ ધારીજ હોય છે, જૈનોમાં પરસ્પર કુસંપરૂપી ઝેરીબીજ રોપાયું હોય તેવા સ્થલોમાં દહેરાસરોની એવી તો શોચનીય સ્થિતિ દેખવામાં આવે છે કે પૂજારીઓ પ્રભુની પૂજા વિગેરે કાર્ય કેવી બેદરકારીથી કરે છે કે દહેરાસરોના સામાનની કેવી વ્યવસ્થા છે એ વિગેરે તરફ આગેવાનોનું તદ્દન દુર્લક્ષજ હોય છે. શું આ બિના અત્યંત શોચનીય ન ગણાય ? આ પરિસ્થિતિનું કારણ માત્ર એકજ છે અને તે એજ કે દેવદ્રવ્યની જાલવણી કેવી સારી રીતે પોતાના ઘરની વસ્તુ કરતાં પણ અધિક કરવી જોઇએ તેની સમજ તેઓને હોતી નથી તેવા સ્થલે દેવદ્રવ્ય સંબંધી સ્વરૂપ દર્શાવનાર આવા પુસ્તકો છુટથી વંચાય અથવા કોન્ફરન્સના ઉપદેશક દ્વારા કાંઇક સારો પ્રયાસ થાય તો ત્યાંની સ્થિતિમાં કેટલેક અંશે સુધારો થવા સંભવ છે. પ્રસ્તુત ભાષાંતરમાં કેટલેક સ્થલે પ્રસંગોપાત્ત ૧ [illegible] વૈભવ (નીતિથી ધન મેલવવું) ૨ કર્મની સિદ્ધિ ૩ [illegible] ઉદ્ભવતા અનર્થકારક પરિણામો ૪ સત્સંગત વિગેરે વિષયોનું વાચકવૃન્દને તત્સંબંધી યથાથ સ્વરૂપ જ્ઞાપન થાય માટે સંક્ષિપ્ત દિગ્દર્શન કર્યું છે ... ... ......

આ ભાષાન્તરની પ્રેસકોપી, પ્રુફો વિગેરે સંશોધન કાર્યમાં તેમજ ઉપયોગી સલાહ આપવામાં પૂજ્યપાદ પન્યાસજીશ્રી ગંભિરવિજયજી

ગણિના વિદ્વદ્વર્ય શિષ્યરત્ન મુનિશ્રીઆણંદવિજયજીએ પોતાના અમૂલ્ય સમયની સારી સહાયતા આપી મહારાપર અતીવઉપકાર કર્યો છે તેઓશ્રીનો અત્રે આભાર માનવામાં આવે છે તથા તેઓશ્રીની અપૂર્વ વિદ્વત્તા મારા આવા ભવિષ્યના પ્રત્યેક કાયમાં સહાયભૂત થાય એમ આશા રાખું છું. તથા મારા મુરબ્બી સલાહકારક મિત્ર ભાઇલાલ છગનલાલ દલાલે પણ છેલ્લાં પ્રુફ તપાસવામાં મદદ કરી છે તેથી તેઓનો ઉપકાર માનવામાં આવે છે. ભાષાન્તર કરવાનો આ મારો પ્રાથમીક પ્રયાસ હોવાથી વિદ્વજ્જનોની દ્રષ્ટિએ કાંઇ ભૂલ જણાય તો ક્ષન્તવ્ય દ્રષ્ટિથી ક્ષમા અર્પશે એમ આશા રાખી વિરમું છું.

સંવત્ ૧૯૭૩ના<br>આશો વદ ૧૩<br>સોમવાસર

લેખકઃ-શ્રી શ્રમણસંઘચરણોપાસક<br>પુરૂષોત્તમ જયમલદાસ મહેતા-સુરત.

"स्याद्वादवादिने आसन्नोपकारिणे श्रीमते वीरायनमः"

# શ્રી નાભાકરાજ ચરિત્ર ગૂર્જર ભાષાન્તર.

(કર્ત્તા-શ્રીમાન્ મેરૂતુંગાચાર્ય.)

જે પ્રભુના માહાત્મ્યથી શ્રેષ્ઠ સૌભાગ્ય, આરોગ્યતા, ઉત્તમભાગ્ય, મહિમાશાલી બુદ્ધિ, સુકીર્ત્તિ, કાન્તિ, પ્રતિષ્ઠા, તેજ, શૌર્ય, સંપત્તિ, વિનય, સુનીતિ, યશ, પુત્ર પુત્ર્યાદિ પરિવાર, પ્રીતિ વિગેરે સર્વે પદાર્થો નિરંતર સ્વાભાવિક રીતે ઉદય આવે છે તે શ્રીમાન્ જીરાપલ્લિ અધિરાજ પાર્શ્વનાથ ભગવાન્ તમારા પ્રમોદને અર્થે થાઓ.

શ્રી વીર પ્રભુને સમ્યક્ પ્રકારે નમસ્કાર કરીને દેવ દ્રવ્યના અધિકાર ઉપર આ શ્રી નાભાક રાજાનું ચરિત્ર કહીશ.

જે મનુષ્યોએ આ દેવદ્રવ્યના અધિકાર પરત્વેની શ્રી નાભાક રાજાની કથા સાંભલી છે તે વિવેકી પુરૂષોના લોભરૂપ વિષ વિનાશ પામે છે.

જે મનુષ્ય નિરંતર શ્રી નાભાક રાજાની કથાનું પાન કરવામાં હર્ષિત ચિત્તવાન્ છે તેમજ સર્વદા સંતોષ ધારણ કરી સંતુષ્ટ રહે છે તેને સર્વ પ્રકારની સમૃદ્ધિ પ્રાપ્ત

થાય છે. પ્રાચીન મહર્ષિઓએ કહેલું પવિત્ર પુણ્યાર્થિ નરોને અતીવ પ્રિયકારી એવું આ શ્રી નાભાક રાજાનું ચરિત્ર કોના હૃદયપટ્ટમાં ચિતરાઈ રહિ નહિં? અર્થાત્ દરેક પુરૂષોના હૃદયપટ્ટમાં સચોટ અસર કરી શકે તેવું આ શ્રી નાભાક રાજાનું કથાનક છે.

આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં શ્રી પાર્શ્વનાથ તેમજ શ્રીનેમિનાથ ભગવાનના આંતરે અનેક લક્ષ્મીપતિ, બ્રહ્મા, વિષ્ણુ, કુબેરવડે શોભાયમાન અને અલકાપુરીને પણ જેણે પોતાની સૌંદર્યતાથી જીતી લીધેલ છે એવું ક્ષિતિપ્રતિષ્ઠિત નામનું નગર હતું. જે નગરીમાં વસતા સર્વાંગે રત્નના આભૂષણોથી શોભાયમાન સેંકડો ભોગી પુરૂષોવડે તિરસ્કાર કરાયલી ભોગાવતી નગરી રસાતલમાં ગઈ તે ખરેખર કથન યુકતજ માલુમ પડતું હતું. તે નગરમાં સમૃદ્ધિમાન્ અને પોતાના અધિક રૂપથી ઈન્દ્રને પણ જેણે તિરસ્કાર કરેલ છે તથા પાપરૂપ આતપનું અસ્થાન (અર્થાત્ જેને પાપરૂપ આતપ હતોજ નહિં) એવો નાભાક નામનો રાજા હતો. એક દિવસ તે રાજા રાજસભામાં ઉદાસીન ચિત્તે બેઠો છે તે અવસરે કોઈ શ્રેષ્ઠીએ સભામાં આવીને રાજા સન્મુખ સારૂં ભેટણું મુકીને નમસ્કાર કર્યો.

ત્યારે રાજાએ તે શ્રેષ્ઠીને પૂછયું કે તું કોણ છે? કયાંથી આવ્યો અને કયાં જાય છે ત્યારે તેના પ્રત્યુત્તરમાં તે શ્રેષ્ઠિએ પોતાનું સમસ્ત વૃત્તાન્ત સ્પષ્ટતાપૂર્વક કથન કરતાં જણાવ્યું કે હે રાજન્? મ્હારૂં સમસ્ત વૃત્તાન્ત સાંભલો. હું વસંતપુર નગરમાં નિવાસ કરૂં છું મારૂં નામ ધનાઢય શેઠ છે. અને શ્રી શત્રુંજય તીર્થની યાત્રાર્થે જતાં અહીં મારૂં આવવું થયું છે. આ પ્રમાણે જ્યારે શ્રેષ્ઠિએ પોતાનું વૃત્તાન્ત નિવેદન કર્યું ત્યારે સભામાં બેઠેલા પૌરાણિક પુરૂષોને રાજાએ પૂછયું કે શ્રી શત્રુંજય તીર્થ કયું? તથા તેની યાત્રા કરવાથી શું ફલ થાય? એ પ્રશ્નનો ઉત્તર પૌરાણિક પુરૂષોએ રાજાને સ્પષ્ટતાપૂર્વક સમજાવતા કહ્યું કે—આ ભરત-ક્ષેત્રમાં ઇક્ષ્વાકુ ભૂમિને વિષે પ્રથમ શ્રી નાભિ નામના કુલકર થયા. તેને મરૂદેવી નામની શ્રેષ્ઠ પત્ની હતી. તેમની કુક્ષિમાં શ્રી રૂષભદેવ પ્રભુનો જન્મ થયો. પ્રભુનો જન્મ થયો તે અરસામાં કાલના પ્રભાવથી અસંખ્ય વર્ષોથી તત્રસ્થ જન સમુદાય ધર્માનુષ્ઠાન, સુનીતિ વિગેરે સન્માર્ગથી અજાણ હતો તે સર્વને શ્રેષ્ઠ રાજનીતિ પ્રવર્ત્તાવી આચાર વિચાર ઉત્તમ સમજાવી પ્રભુએ અનીતિના માર્ગનો તદ્દન લોપ કરી નાંખ્યો. તેમજ પહેલા પોતેજ સુનંદા તથા સુમંગલા નામની બે કન્યાઓ સાથે પાણીગ્રહણ (વિવાહ) કરી પોતાના ભરત—બાહુબલી આદિ સો પુત્રોને જુદું જુદું

રાજ્ય વહેંચીઆપીને સાંસારિક સુખો ભોગવી દિક્ષા ગ્રહણ કરી. તેમજ અનેક પ્રકારના દુસ્સહતપ કરી કૈવલ્ય જ્ઞાન પ્રાપ્ત કર્યું. ત્યાર બાદ તે પ્રભુ ક્ષમાદિક દશ પ્રકારના ધર્મનો ઉપદેશ કરીને ભારત વર્ષના સર્વ પ્રાણી વર્ગને પ્રતિ બોધ કરતા થકા સૌરાષ્ટ્ર દેશના આભૂષણ તુલ્ય શ્રી શત્રુંજય પર્વતપર ચઢીને રાયણ વૃક્ષની નીચે ધ્યાનારૂઢ થયા. પ્રભુએ તે સમયે શ્રી પુંડરીક ગણધરની સમક્ષ આ પ્રમાણે કહ્યું કે આ અનાદિ અનંત શાશ્વત શ્રી શત્રુંજય તીર્થ કાલક્રમે સંકોચ વિકોચ પામશે. હાલમાં આ પર્વત મૂલમાં પચાશ યોજન વિસ્તારવાલો, ઉંચો દશ યોજન વિસ્તારવાળો, તેમજ આઠ હાથ ઉંચો છે. હવે પછી પુનઃ અનેક હસ્ત પ્રમાણ વાલો થઇને ફરી એવીજ રીતે વૃદ્ધિ પામશે. આ પર્વતના ૧ શત્રુંજય ૨ વિમલાચલ તથા ૩ સિદ્ધક્ષેત્ર એ પ્રમાણેના શાશ્વત ત્રણ નામો છે. અને અત્રે તારો નિવાસ થવાથી શ્રી પુંડરીક નામનું ચોથું નામ પ્રસિદ્ધ થશે. આ શ્રી શત્રુંજય પર્વતને પાપી પુરૂષો પણ સેવન કરીને પોતે પાપ રહિત થશે. ખરેખર આ તીર્થ ભૂમિના પ્રભાવથી માટી પણ સર્વોત્તમ રત્નપણાને પ્રાપ્ત કરે છે. જે ભવ્ય પુરૂષો નિર્મળ ભાવપૂર્વક આ તીર્થનુ કોઈપણ સમયે નેત્રથી દર્શન માત્ર કરે છે તેને તિર્યંચ ગતિનો સંભવ તો કયાંથી હોય પરંતુ મનુષ્ય અને દેવ ગતિ સિવાયની નરક ગતિમાં પણ તેઓનો

જન્મ થતો નથી. આ પ્રમાણે શ્રીમાન્ યુગાદિ પ્રભુના મુખથી શ્રી પુંડરીક ગણધર વિગેરે મુનીંદ્રો તે મહા તીર્થના પ્રભાવ તથા ફલને સાંભળીને તે તીર્થનું સમ્યક્રીત્યા સેવન કરી મોક્ષને પામ્યા. શ્રી રૂષભદેવ પ્રભુ મોક્ષ ગયા બાદ તેમના પુત્ર શ્રી ભરત ચક્રવર્તિએ શત્રુંજય તીર્થને વિષે સુવર્ણ પ્રાસાદમાં તે પ્રભુની રત્નમય પ્રતિમા સ્થાપન કરી. જે પુરૂષ પોતાના હૃદયમાં સમ્યક્ પ્રકારે શ્રી શત્રુંજય તીર્થનું સ્મરણ કરે છે તેને લેશ માત્ર પણ દુઃખ સહન કરવું પડતું નથી તેમજ જે પુરૂષ આ તીર્થના માર્ગમાં નિરંતર પ્રફુલ્લિત ચિત્તયુક્ત ગમન કરનાર હોય છે તે સંસારમાં કદાપિ પાપી ગણાતો નથી. આ તીર્થથી બીજું કોઈ પણ મહાન્ તીર્થ નથી. અને આ તીર્થથી બીજું કોઈ પણ તીર્થ વંદનીય કે પૂજનીય નથી. અને આ તીર્થથી અન્ય કોઇ ધ્યાન કરવા યોગ્ય પણ નથી.......

આજ વિષયના સંબંધમાં અન્ય ગ્રંથોમાં પણ કહ્યું છે કેઃ—

। पञ्चाशदादौ किल मूल भूमे, र्दशोर्ध्वभूमेरपि विस्तरोऽस्य । उच्चत्वमष्टैव तु योजनानि, मानं वदन्तीह जिनेश्वराद्रेः ॥ આ શ્રી રૂષભદેવ પ્રભુના નિવાસાલય ગિરિના મૂલ ભૂમિનો વિસ્તાર આદિનાથ પ્રભુની વખતે પચાશ યોજન, ઉર્ધ્વ ભૂમિનો

દશ યોજનનો વિસ્તાર, ઉંચે આઠ યોજનનો વિસ્તાર કહેલો છે.

ભાગવતમાં પણ કહ્યું છે કેઃ—

दृष्ट्वा शत्रुंजयं तीर्थं, स्पृष्ट्वा रैवतकाचलं ।
स्नात्वा गजपदे कुंडे, पुनर्जन्म न विद्यते ॥

**તાત્પર્ય**—જે મનુષ્ય શ્રી શત્રુંજય પર્વત જુએ છે અને ગિરનાર પર્વતનો સ્પર્શ કરે છે તેમજ ગજપદ કુંડમાં સ્નાન કરે છે તેને ફરીથી જન્મ લેવો પડતો નથી. અર્થાત્ તેજ ભવમાં સિદ્ધિપદ પ્રાપ્ત કરે છે.

નાગર પુરાણમાં કહ્યું છે કેઃ—

अष्टषष्टिषु तीर्थेषु, यात्रया यत्फलं भवेत्;
श्री शत्रुंजयतीर्थेश-दर्शनादपि तत्फलं ॥

**તાત્પર્ય**—અડસઠ તીર્થોની યાત્રા કરવાથી જે ફલ પ્રાપ્ત થાય તેટલું ફલ માત્ર એક શ્રી રૂષભદેવ પ્રભુ કે જે શ્રી શત્રુંજય તીર્થના અધિપતિ છે તેમનુ દર્શન કરવાથી પ્રાપ્ત થાય છે.

તીર્થમાલા સ્તવમાં કહ્યું છે કેઃ—

अतो धराधीश्वर भारतींभुवं, तथाधिगम्योत्तम मानुषं भवं;
युगादि देवस्य विशिष्टयात्रया, विवेकिना प्राप्यमिदं फलं श्रियाः॥

હે રાજા ! ભારતભૂમિને તેમજ ઉત્તમ મનુષ્ય જન્મને પામીને યુગાદિ દેવ શ્રી આદિનાથ પ્રભુની યાત્રા કરવા વડે વિવેકી પુરૂષોએ પોતાની પ્રાપ્ત થએલ લક્ષ્મીનું ફલ ગ્રહણ કરવા યોગ્ય છે.

શ્રી શત્રુંજય તીર્થનો અદ્ભુત પ્રભાવ ધનાઢય શેઠના મુખથી એપ્રમાણે સાંભળીને રાજાએ પણ શેઠને વિસર્જન કરી તે તીર્થ યાત્રાને માટે મુહુર્ત જોવડાવ્યું. જ્યારે મુહુર્ત આવ્યું ત્યારે શારીરિક રોગના વશથી તેનાથી જઈ શકાયું નહિં તેથો પશ્ચાતાપ કરતાં રાજાએ બીજું મુહુર્ત જ્યોતિષિ પાસે કઢાવ્યું, તદનંતર પોતાના મોટા પુત્રને અકસ્માત રોગ ઉત્પન્ન થવાથી તે બીજું મુહુર્ત પણ ગયું ત્યારે રાજાએ ત્રીજું મુહુર્ત્ત જયોતિષિઓ સમીપે કઢાવ્યું. ત્યારે કુલદેવીએ કરેલ ઉપસર્ગોથી તે મુહૂર્ત્ત પણ વિતી ગયું ત્યારે ચોથું મુહૂર્ત્ત જોવડાવ્યું, પણ પોતાના સૈન્યની શંકાથી તે પણ વ્યતીત થયું. આ પ્રમાણે શ્રીશત્રુંજય તીર્થની યાત્રા નિમિત્તના ચારે મુહૂર્ત્તો નિષ્ફલ જવાથી પોતાના આત્માની નિંદા કરતા થકા પાચમું મુહુર્ત્ત કઢાવ્યું તે પણ બીજા રાજાઓના સૈન્યના ભયથી વીતી ગયું. યાત્રાર્થે જવાના પાંચે મુહુર્ત્તો ઉપરા ઉપર વિઘ્નો આવવાથી વ્યર્થ થવાથી રાજા અત્યંત ચિંતાતુર થયો તેમજ પોતાના હૃદયમાં વિચાર કર્યો કે આ વિઘ્નો આવવાનું શું કારણ છે ? તે હું કેવી રીતે

જાણીશ. એમ વિચાર કરે છે તે દરમ્યાન નજીકના ઉદ્યાનમાં શ્રી યુગંધરાચાર્ય સમવસર્યા જાણી વનપાલકે રાજાને વધામણી આપી. ત્યાર બાદ રાજા પોતાના કુટુંબ પરિવાર સહિત ઉદ્યાનમાં અત્યંત ભકિત વડે ઉલ્લસિત ચિત્તવાન્ થઈને ગયો. ત્યાં જઈ ચાર જ્ઞાનને ધારણ કરનાર ગુરૂરાજને નમસ્કાર કરીને પોતાના અંતરાયનું કારણ પૂછ્યું, તત્પશ્ચાત્ ગુરૂએ પણ મનવડે શ્રી સીમંધર સ્વામીને નમીને પૂછ્યું ત્યારે સીમંધર સ્વામીએ મનથીજ સર્વ વૃત્તાન્ત નિવેદન કર્યું. શ્રીયુગંધરાચાર્યે મનઃપર્યવજ્ઞાનથી સર્વવૃત્તાન્ત સમ્યક્ પ્રકારે જાણીને રાજાને જણાવ્યું કે હે રાજન? સુખ અને દુઃખ એ બન્ને પ્રસંગોમાં દરેક પ્રાણીને માત્ર કર્મજ કારણ ભૂત ગણાય છે અને તેવું કર્મ પૂર્વભવમાં તેં જે ઉપાર્જન કર્યું છે તે અથથી ઇતિ પર્યંત તું સાંભલ.

એકવીશ કોડાકોડી સાગરોપમ કાલથી આગલ ચોવીશ કોડાકોડી સાગરોપમ કાલ વ્યતીત થયા પછી આ જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં સંપ્રતિ મહારાજાના અરસામાં સમુદ્ર તટ સમીપે તામલિપ્તી નગરીમાં સમુદ્ર અને સિંહ નામના બે ભાઈ હતા. મહોટો ભાઇ સમુદ્ર નિર્મલ ચારિત્રવાન્, પુણ્યવાન, સરલહૃદયી હતો અને નાનો ભાઇ સિંહ બોરડીના કાંટાની માફક તેનાથી વિપરીત ગુણોને ધારણ કરનાર હતો. તે બન્નેએ એક દિવસ ખીલો નાંખવા માટે પૃથ્વી ખોદતા

ચોવીશ હજાર સોના મહોરોનો નિધિ જોયો. તેમજ તે પૃથ્વીમાંથી નાગગોષ્ટિકે નિધિ તરીકે સંગ્રહ કરેલ આ દેવ દ્રવ્ય છે એ બિના દર્શાવનાર એક પત્ર નિકળેલ જોઇને જ્યેષ્ઠભ્રાતા સમુદ્રે લઘુબન્ધુ પ્રત્યે પોતાનો અભિપ્રાય જાહેર કર્યો કે આ નિકળેલ નિધિ દેવ દ્રવ્ય છે માટે શ્રીશત્રુંજય-તીર્થમાં જઈને નાગગોષ્ટિકને પાછું આપવું. એ પ્રમાણે મોટા ભાઈના વચન સાંભલી પોતાની સ્ત્રીથી પ્રેરણા કરાએલ નાના-ભાઈ સિંહે કહ્યું કે આ કન્યા વરને યોગ્ય થઇ છે પરંતુ અત્યાર સુધી ધનની પ્રાપ્તિ વિના તેનું લગ્ન કર્યું નથી માટે તેનો મહોત્સવ પુર્વક વિવાહ કરીએ- નાનાભાઈનું આવું અવિરૂદ્ધ તેમજ અયુક્ત કથન સાંભલીને સમુદ્રે વિચાર કર્યો કે આ સ્વભાવથી તો દુષ્ટ બુદ્ધિવાલો છે અને હમણા સ્ત્રીના શિખવવાથી પવન જેમ અત્યંત વેગપૂર્વક આવે અને તેથી અગ્નિની વૃદ્ધિ થાય તેમ તેની પણ દુષ્ટબુદ્ધિ અધિક વૃદ્ધિ પામી છે, (ખરેખર દુનિયામાં સ્ત્રીઓએ મહાન્ મહર્ષિઓને પણ પોતાના મનોહર તીવ્રકટાક્ષ તેમજ વાગ્બાણોથી પોતાને વશ કરી લીધા છે તો પછી આના જેવો એક સામાન્ય મનુષ્ય તેની આગલ શું કરી શકે. કારણકે (ભર્તૃહરિ જેવા સમર્થ નૃપવરને જો વૈરાગ્ય ઉત્પન્ન થવાનું કોઈ પણ કારણ હોય તો તે પોતાની પિંગલા નામની રાણીજ છે. સ્ત્રીઓના ઉપર ગમે તેટલો વિશ્વાસ રાખ્યો હોય પણ અન્તે અવિશ્વાસનું

સ્થાન થાય છે. ભર્તૃહરિ રાજાના હૃદયમાં પિંગલા રાણીને માટે એટલો બધો સંપૂર્ણ વિશ્વાસ હતો કે મારી પ્રિયા મ્હારા સિવાય અન્ય પુરૂષના મુખ સામું પણ જોતી નથી. અને તેજ વિશ્વાસે પોતાના વિનયી, નિર્મલ આચરણવાલા લઘુ બંધુ વિક્રમને પોતાના દેશમાંથી કઢાવ્યો. આ પરથી એજ સૂચન થાય છે કે સ્ત્રીના વિશ્વાસમાં અંધ બનેલ મનુષ્યો આજુબાજુના કેવા પ્રકારના સંયોગો છે, લોકોક્તિ કેવી છે એ વાત તરફ કિંચિન્માત્ર લક્ષ આપતા નથી. ભર્તૃહરિના સંબંધમાં પણ તેમજ બનેલું હતું અન્તે જયારે અમૃતફલ પરથી રાજાને શંકા થઇ ત્યારે તપાસ કરતાં રાણીને અશ્વપાલની સાથે સંબંધ છે એમ માલુમ પડયું તથા સંસારપરથી વિરક્તિભાવ ઉત્પન્ન થયો તેમજ પોતાના લઘુ સદ્ગુણી બાન્ધવના વિયોગથી અત્યંત પશ્ચાત્તાપ થયો તેજ સમયે પોતાના હૃદયમાં આવા પ્રકારનો નિશ્ચય કર્યો કે :—

यां चिन्तयामि सततं मयि सा विरक्ता, साप्यन्यमिच्छतिजनं
स जनोऽन्य सक्तः।
अस्मत्कृते च परितुष्यतिकाचिदन्या, धिक्तां चतं च मदनं च
इमां च मांच
(भर्तृहरि नीतिशतक)

તાત્પર્ય—જે સ્ત્રીનું હું નિરંતર ચિંતવન કરૂં છું તે તો મ્હારાથી વિરકતચિત્તવાલી છે અને તે સ્ત્રીઅન્ય પુરૂષની ઇચ્છા કરે છે તેમજ તે પુરૂષ પણ બીજી સ્ત્રીમાં આસક્ત છે. વલી મારા ઉપર પણ કોઈ અન્ય સ્ત્રી રાગ રાખતી હશે. માટે તે મારી સ્ત્રીને તથા અશ્વપાલને કારણ કે અશ્વપાલ જે બીજી સ્ત્રીમાં આસકત છે માટે તેને તેમજ મેં આટલી હદ સુધી મારા અન્તઃપુરમાં અનાચાર પ્રવર્ત્યો તથાપિ તપાસ રાખી નહિં માટે મને પણ ધિક્કાર હો. ત્યારબાદ રાજાએ જંગલમાં જઇને તુરત સન્યસ્ત વેષ ધારણ કર્યો. આ દ્રષ્ટાંત પ્રસંગાનુસાર આપવાનું પ્રયોજન એટલુંજ છે કે પોતાની સ્ત્રી ગમે તેવી બાહ્યાડંબરથી સતીપણાનો ડોળ દર્શાવતી હોય તથાપિ તેની પરીક્ષા કરી સુનીતિમાંજ નિરંતર પ્રવૃત્તિ કરે તેવી વ્યવસ્થા પતિએ રાખવાની ખાસ આવશ્યકતા છે.)

જેઓ માયારૂપી વિષવેલડી સરખા સ્રીઓના પાશમાં સપડાય છે તે મનુષ્યો દુનિયામાં ખરેખર મોહાન્ધ બની સ્ત્રીઓના અગોચર સ્ત્રીચરિત્રો સમજી શકતાજ નથી અને તેથી સ્રાના ફંદમાં ફસાઈ તેનીજ આજ્ઞા શિરોવન્ધ માની માતપિતાદિ ઉપકારી તેમજ વડીલ વર્ગ તેમજ સ્વજનવર્ગ–મિત્રવર્ગ વિગેરેનો તિરસ્કાર કરે છે. દેવગુરૂને નમસ્કાર પણ જો સ્ત્રીની પાસે કાંઈ કાર્યમાં રોકાણ થયું હોય

તો અલગો મૂકે છે. જેમ પાણીમાં ચાલતા માછલાઓની પગપંક્તિ જાણવી મુશ્કેલ છે. તથા આકાશમાં ચાલતા પક્ષીઓની પદપંક્તિ જાણવી મુશ્કેલ છે તેવી રીતે સ્ત્રીઓનાં ગહન ચરિત્રો જાણવા અતીવ દુર્લભ છે એ સંબંધમાં વાંચક સમૂહને જાણ થવા માટે એક નાનકડું ટુંક દ્રષ્ટાંત આપવું ઉચિત ધારૂં છું તે આ પ્રમાણે:—

"કાશી જેવા પવિત્ર ધામમાં એક પંડિત સ્ત્રીનાં નવલાખ ચરિત્રનો અભ્યાસ કરી પોતાના દેશ તરફ જવાને વિદાય થયો. રસ્તામાં એક મ્હોટું રાજ્ય આવ્યું. બ્રાહ્મણે વિચાર કર્યો કે આ રાજ્યના રાજા પાસે જઈને તેને શુભ આશીર્વાદ આપું કે જેથી ભણતાં જે ખર્ચ થયો છે અને હવે પછી જે કાંઈ ભવિષ્યમાં ખર્ચ થશે તે પણ નીકળી જાય એમ વિચાર કરી રાજા પાસે ગયો. રાજાએ સત્કારપૂર્વક દાન આપ્યું અને પૂછ્યું કે આપ કયાંથી આવો છો ? પંડિતે જણાવ્યું કે કાશીથી. રાજાએ પૂછ્યું:— કાશીમાં કેટલાં વર્ષ પર્યંત રહ્યા ? શું શું અભ્યાસ કર્યો ? તેમજ હાલમાં કયે સ્થલે જવાની ઈચ્છા રાખો છો ? પંડિતે ઉત્તર આપ્યો કે હું કાશીમાં લગભગ ૧૪ વર્ષ રહીને નવલાખ સ્ત્રી ચરિત્ર ભણ્યો છું અને હવે પોતાના ગામ તરફ જઈ આજીવિકા માટે કાંઈક પ્રયત્ન કરવા ઉત્કંઠા છે. રાજાએ કહ્યું કદાચ અહીંજ તમારા માટે બંદોબસ્ત થઈ જાય

તો રહેવા ઇચ્છા છે? પંડિતે કહ્યું—હા? અમારે બ્રાહ્મણ ભાઈને તો જ્યાં પેટ ભરાય તેજ દેશ. કોઇ ઠેકાણે લાડુનું નામ સાંભળ્યું કે ગોળમટોળને મેલવવા પાંચ પાંચ દશ દશ ગાઉ સુધી જઇને આકંઠ પર્યંત આરોગવામાં બાકી ન મુકીએ તો પછી અહીં રહેવા વિષે તો કહેવુંજ શું? ત્યારબાદ રાજાએ પગાર આપી પંડિતજીને પોતાની પાસે રાખ્યા અને નિરંતર તેની પાસેથી સ્ત્રી ચરિત્ર સાંભળવા લાગ્યો. રાજા જેમ જેમ સાવધાન થઈ હંમેશાં એક એક સ્ત્રી ચરિત્ર શ્રવણ કરે છે તેમ તેમ સ્ત્રીઓ ઉપરથી તેની પ્રીતિ તદ્દન ઓછી થવા લાગી. અન્તે એક એક દિવસે એક એક સ્ત્રીનો ત્યાગ કરવા લાગ્યો એમ કરતાં કરતાં ૪૦૦ રાણીઓ ત્યજી દીધી. ત્યારે નગરમાં તથા અન્તઃપુરમાં એવી વાત પસરી કે રાજાને તમામ સ્ત્રીઓ ઉપર અવિશ્વાસ ઉત્પન્ન થયો છે. માટે ધીમે ધીમે સ્ત્રીઓનો ત્યાગ કરી જોગી થઇ જશે. આ વાત પટરાણીએ પણ જાણી. પટરાણીએ પોતાનું સ્રીચરિત્ર પ્રકાશવા નિશ્ચય કર્યો. પ્રથમ તો બ્રાહ્મણ ભટ્ટને શિક્ષા કરવી એમ વિચાર કર્યો. કારણકે મૂલ કારણ નાશ પામશે. તો પછી રાજા આપો આપ ઠેકાણે આવશે. એમ ચિંતવી તુરત દાસીને હુકમ કર્યો કે 'તું હમણા જઇને પેલા બ્રાહ્મણને બોલાવી લાવ.' દાસી બ્રાહ્મણ પાસે આવી પણ ભટ્ટ

દાસીના કહેલા વચનો તરફ કિંચિન્માત્ર લક્ષ્ય આપ્યું નહિ અને મૌન રહ્યા. દાસી પાછી આવી અને રાણીને કહ્યું કે ભટ તો તમારા વચનોને સાંભલતોજ નથી તો પછી અહીંઆ આવવાની તો વાતજ શી ? એ ઘણો મકકમ વિચારવાલો જણાય છે. દાસીના વચન સાંભલી બુદ્ધિમતિ, વિદુષી રાણીએ વિચાર કર્યો કે બ્રાહ્મણો ઘણું કરીને લોભી હોય છે અને દુનિયામાં પણ એવો નિયમ છે કે 'द्रव्येण सर्वे वशिनो भवन्ति' દ્રવ્યથી તમામ લોકો વશ થાય છે. એમ ધારી દાસીને ૨૦૦ સોનામહોરો આપી અને કહ્યું કે તું પહેલ વહેલા જઈને સોનામહોરો ભટ્ટ અગાડી ખડી કરજે કે તુરત ભટ્ટ તારૂં નામ ઠામ પુછશે. દાસીએ જઈને તેજ પ્રમાણે કર્યું. ચલકતી સોનામહોરો જોઈ ભટ્ટનું હૈયું પિંગળાઈ ગયું અને બોલ્યા કે તમે કોણ છો ? અને શા માટે આવ્યા છો? દાસીએ કહ્યું:—મહારાજ ! હું રાજરાજેશ્વરની પટરાણીની દાસી છું અમારી બાઈ આપની વિદ્વત્તાથી તથા ચાતુર્યતાથી ઘણા પ્રસન્ન થયા છે. આપની પુજા માટે સર્વ સામગ્રી તૈયાર છે અને એક થાલ આપને ઉપહાર (ભેટ) તરીકે સોનામહોરો ભરીને તૈયાર રાખ્યો છે માટે આપ સત્વર પધારો. દાસીના આવા વચનો સાંભલી ભટ્ટ લલચાઈ ગયા. કંચન ને કામિની દેખી મહોટા મહોટા મહર્ષિઓના ચિત્ત ચકડોલે ચડી ચલાયમાન થયા છે તો

તેઓની આગલ આ એક બાહ્યજ્ઞાન ધરાવનાર અને વ્યવહારમાં અકુશલ બ્રાહ્મણ તો શું કરી શકે ? ભટ્ટ પાઘડી પહેરી ખભે દુપટ્ટો નાંખી રાણી પાસે આવ્યા. રાણીએ સોના મહોરોથી ભરેલો થાળ આગળ ધર્યો. ભટ્ટે મનમાં વિચાર કર્યો કે મારી આખી જીંદગી સુધી નોકરી કરીને કમાતાં આટલું ધન મલી શકશે નહિં. ત્યારબાદ રાણીએ એક સુંદર વાર્ત્તા વિનોદ શરૂ કર્યો, તેથી સમય જણાયો નહિં. ભટ્ટજી વાર્ત્તા તથા સોના મહોરોના લોભના આવેશમાં પોતાના બધા વિચારો વિસરી ગયા. રાણીએ દાસીની પાસે મહેલના બધા બારણાં બંધ કરાવ્યા એટલામાં રાજા બહારથી આવ્યો અને પૂછયું કે પંડિતજી કયાં છે? પંડિત પાસેથી બેચાર વાર્ત્તાઓ સાંભલી મનરંજન કરૂં. એવા વિચારથી પંડિતની શોધ કરાવી પણ પંડિતનો કયાંય પત્તો લાગ્યો નહિં ત્યારે રાજાએ પોતાના હજુરીઆને મોકલી તપાસ કરાવતાં પત્તો મલ્યો કે પંડિતજી પટરાણીના મહેલમાં ગએલ છે. આમ સાંભલતાંજ રાજાને એકદમ ક્રોધ આવ્યો કે પંડિત મને તો હંમેશાં ઉપદેશ કરે છે કે સ્ત્રીની સાથે વાત પણ કરવી નહિં, નેત્રે નેત્ર મેલવવા નહિં, તેની સામા ઉભું ન રહેવું અથવા તેના વચન સાંભળવા નહિં ઈત્યાદિ અનેક વાર્ત્તાઓ કહી મને નિરંતર સમજાવતો હતો અને આજે પોતે

રાણી પાસે કેમ ગયો છે આમ વિચાર કરતાં રાજાએ નિર્ણય કર્યો કે આવા 'परोपदेशे पांडित्यम्' પરને ઉપદેશ દેવામાં પંડિતાઈ ધરાવનારની હવે તો સારી રીતે ખબર લેવી એ મારી ફરજ છે. પછી હાથમાં તરવાર લઈ એકદમ રાણીના મહેલની સીડી ઉપર ચડી આવ્યો. રાણી સમજી ગઇ કે રાજા આવે છે તેવામાં રાજાએ કહ્યું કે બારણાં ઉઘાડો. પેલો અસત્ય બોલનાર દુરાચારી કયાં છે? આવાં વચન સાંભળતાંજ ભટ્ટ ગભરાયા અને હાથ જોડી રાણીને કહેવા લાગ્યા હે માતાજી? મરણના ભયમાંથી બચાવો હમણાં રાજા મને મારી નાંખશે? રાણીએ કહ્યું હું શું કરૂં? પવનના જોશથી બારણાં બંધ થયા હશે એવામાં રાજા આવી ચડયો. રાણીએ ભટ્ટને કહ્યું કે હવે રાજાના મનમાં સંપૂર્ણ શંકા થઈ છે માટે બચવાનો એકે ઉપાય નથી પણ એક નાની પેટી છે તેમાં તમો પેસી જાઓ તો હું મારી કાંઈક ચતુરાઈ ચલાવું. દુનિયામાં પ્રાણથી વહાલી કોઈ પણ ચીજ નથી. ભટ્ટ પેટીમાં પેઠો. દાસીએ હાથ પગ મરડી ઘણી મુશીબતે પેટી બંધ કરી. પેટીને તાળુ દઈ કુંચી રાણીને આપી. રાણીએ કુંચી બાજુએ મુકી. દાસીને હુકમ કર્યો કે હવે બારણાં ઉઘાડો. બારણાં ઉઘાડયા કે તરત રાજાએ ક્રોધથી લાલચોળ વદને કહ્યું પેલો બ્રાહ્મણ અહીં આવ્યો હતો? રાણીએ કહ્યું-હા? રાજાએ કહ્યું-કયાં છે? રાણી

બોલી–'આ પેટીમાં'. રાજા બોલ્યો કુંચી કયાં છે? રાણીએ તરત સો ચાવીનો ઝુડો ફેંકયો. ઝુડો લઈ પગ પછાડતા પછાડતા રાજા પેટી પાસે ગયો. તેવામાં પેલો બ્રાહ્મણ બીકનો માર્યો ધોતીઆમાં મૂતરી પડયો. રાણીએ કહ્યું–રાજાના જેવા કાનના કાચા માણુસો જગત્‌માં બહુજ થોડા હશે. અરે મૂર્ખ રાજા! જો તેને પેટીમાં પુર્યો હતે તો હું બતાવત ખરી કે? તેમજ કુંચી પણ આપત ખરી કે? આ તો તમારા પગથી પેટીની નીચેનું પાટીયું હાલવાથી પેટીની અંદરના ગંગાજળ તથા અત્તરના શીશા ફુટી ગયા કે જે શીશાઓ તમને સ્નાન કરાવવા રાખ્યા હતા. આ સાંભળી રાજાએ વિચાર્યું કે રાણી ખરૂં કહે છે પેટીમાં જો ભટ્ટ હોય તો તે પોતે બતાવે નહિં અથવા મને કુંચી પણ ન આપે. દાસીઓએ તુરતજ પેલું ભટનું મૂત્ર રાજાના શરીરે ચોળ્યું. મૂત્ર જરા ખારૂં હોવાથી રાજાના શરીરે ચટપટી ઉઠી. ત્યારે રાણીએ કહ્યું કે આ અત્તર ઘણું મોંઘું અને ઉંચી કિંમતનું હોવાથી એવું લાગતું હશે એમ રાજાને સમજાવી રાજાને સ્નાનગૃહ તરફ દાસીઓ લઈ ગઇ. ત્યાર બાદ પેટી ઉઘાડી રાણીએ ભટ્ટને કહ્યું કે 'મહારાજ! નવલાખ સ્ત્રી ચરિત્રો તમે કાશીથી શિખી લાવ્યા પણ આ એક નવું ચરિત્ર તમે શિખ્યા નથી. આ ચરિત્રને હવે ખુબ ધ્યાનમાં રાખજો. જાઓ હવે વહેલાસર ઘર ભેગા થઇ જાઓ.'

પેલા ભટ્ટ ભાઈ ઘર તરફ ગયા અને તે દિવસથીજ પ્રતિજ્ઞા કરી કે હવે આજથી સ્ત્રી ચરિત્રનું નામ પણ લેવું નહિં. સુજ્ઞો! વિચાર કરો કે આ પ્રમાણે સ્ત્રી ચરિત્ર જ્યારે ભણેલાને પણ ભૂલાવે તો પછી અભણના તો શા હાલ? શાસ્ત્રકારોએ સ્ત્રીના પાશથી મુક્ત થયેલને મુક્ત તુલ્ય કહ્યા છે તે બરોબર છે.

તેમજ મોટાભાઈ સમુદ્રે વિચાર કર્યો કે:—

सुवंशजोप्यकृत्यानि, कुरुते प्रेरितः स्त्रिया ।

स्नेहलं दधि मथ्नाति, पश्य मंथानको न किं ॥

ઉચ્ચ કુલમાં જન્મ પામેલ પુરૂષ પણ સ્ત્રીના કથનથી નહિં આચરવા યોગ્ય કૃત્યનું આચરણ કરે છે. કારણકે રવૈયો શું ચિકાશદાર દહીંનું મથન કરતો નથી? અર્થાત્ કરેજ છે. તેમ આ મારો ભાઈ જો સ્ત્રીના કથન મુજબ કાર્ય કરશે તો દેવદ્રવ્યના ઉપભોગથી અત્યંત ભયંકર નરકાદિ દુર્ગતિમાં જશે માટે તેને શ્રેષ્ઠ વચનોથી પ્રતિબોધ કરવો જોઇએ. એમ નિશ્ચય કરીને નાનાભાઈને કહ્યું કે હે બન્ધુ? નરકાદિ દુર્ગતિમાં શીઘ્ર પાડનાર આ મહા પાપથી શું તું ડરતો નથી કે જેથી દેવદ્રવ્યના ઉપભોગની ઈચ્છા કરે છે. જે મનુષ્ય દેવ દ્રવ્યના ઉપભોગ કરવા દ્વારા તેમજ પર સ્ત્રી સેવન દ્વારા જે મનનું માની લીધેલ સુખ મેલવે

છે તે સુખ નિઃશંક અનંતાનંત દુઃખ પ્રાપ્ત કરાવનાર થાય છે. જૈન શાસ્ત્રમાં પણ તેને માટે સમર્થન કરેલું છે કે:—

चेइय दव्व विणासे; रिसिघाए पवयणस्स उड्डाहे ।
संजइ चउत्थभंगे, मूलग्गी बोहिलाभस्स ॥

ચૈત્ય (જીનેશ્વરનિ પ્રતિમા) દ્રવ્યમાં વિનાશ કરવાથી, રૂષિનો ઘાત કરવાથી, શાસ્ત્રનું ઉત્થાપન (શાસ્ત્ર વિરૂદ્ધ પ્રરૂપણા) કરવાથી તેમજ સાધ્વિના ચતુર્થવ્રતનો ભંગ કરવાથી સમ્યક્ત્વના મૂલમાંજ અગ્નિ પડે છે. અર્થાત્ પ્રાણિ સમ્યક્ત્વ પામિ શકતો નથી વલી પણ કહ્યું છે કે:—

वरं सेवा वरं दास्यं, वरं भिक्षा वरं मृतिः।
निदानं सर्वदुःखानां, नतु देवस्वभक्षणं ॥

કોઈની સેવા કરી આજીવિકા ચલાવવી તે શ્રેષ્ઠ છે, ચાકર થઇને રહેવું એ શ્રેષ્ઠ છે, ભિક્ષા માંગી ઉદર પોષણ કરવું ઉત્તમ છે. તેમજ મરણ પણ ઉત્તમ છે પણ સર્વ પ્રકારના દુઃખોનું કારણ દેવદ્રવ્યનું ભક્ષણ કરવું તે શ્રેષ્ઠ નથી. આ પ્રમાણે ભાઈના વચન સાંભલી મૌન ધારણ કરી અત્યાર સુધી સિંહ બેસી રહ્યો હતો તેણે આ સમયે કાંઈ પણ બોલ્યા વિના ઉઠીને ઘર તરફ ચાલવા માંડયું. ઘેર ગયા બાદ એકાંતમાં તેની સ્ત્રીએ કહ્યું કે તમે મુગ્ધ

પણાથી કેમ ઠગાઓ છો. અથવા તો કપોલ કલ્પિત વાતોથી કયો પુરૂષ ન ઠગાય ? પરન્તુ જેમ તેમ કરીને સર્વ અથવા તો અર્ધું ધન પણ આપણે તાબે કરો, એ પ્રમાણે ભાર્યાના સમજાવવાથી સિંહે ત્રણ લાંઘણ કરી અને પોતાના સંબંધી સ્વજનોને કહ્યું કે (હું જુદો થઇશ.) ત્યારબાદ તેણે જુદા થવાના બહાને અર્ધું ઘર તેમજ અર્ધ નિધાનનો સમૂહ ગ્રહણ કર્યો અને મોટાભાઇ સમુદ્રે શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરવાનો અભિલાષ કર્યો. આ સર્વ નિધાનમાંના દ્રવ્યનો નાગના પુણ્ય માટે વ્યય કરવો એમ સમુદ્ર વિચાર કરી તીર્થ યાત્રા માટે નીકલવાની તૈયારી કરતો હતો તેવામાં સિંહે રાજાની આગલ જઇને નિવેદન કર્યું કે મારા ભાઈ સમુદ્રે યાત્રા કરવાના બહાનાથી નિધાન પોતાની પાસે સંગ્રહી રાખ્યું છે અને તે લઇને હમણાજ જાય છે. આ સંબંધમાં મારો જરાપણ દોષ નથી. માત્ર મેં મ્હારી ફરજ અદા કરી છે. સિંહના કહેવાથી શંકિત થયેલ રાજાએ એક મુહૂર્ત્તાનંતર સમુદ્રને પોતાની સભામાં બોલાવ્યો. રાજાને બોલાવવાનું કારણ પ્રથમથીજ સમુદ્ર સમજી ગયો હતો તેથી રાજ સભામાં જઈ અર્ધ નિધાન રાજાની પાસે મુક્યું, તેમજ નિધાન નિકલવા બાબતની સર્વ વાત રાજાને કહીને ભૂમિમાંથી નિકળેલ નિધિપત્ર બતાવ્યું. રાજાને પણ સમુદ્રના વચનમાં સંપૂર્ણ વિશ્વાસ

પેદા થયો અને આ ખરેખર યથાતથ્ય તેમજ સત્ય બોલનાર છે એમ ધારી છોડી દિધો તથા આ દેવદ્રવ્ય છે એમ જાણી શ્રેષ્ઠનીતિ પાલનાર અને ધર્મનો જ્ઞાતા એવા રાજાએ સમુદ્રનો ઘણોજ સત્કાર કરીને યાત્રા માટે વિસર્જન કર્યો. તત્પશ્ચાત્ અધિક વૃદ્ધિ પામ્યો છે ઉત્સાહ જેનો એવા સમુદ્રે પણ પોતાના કુટુંબ સમુદાય સહ એક મુહૂર્ત બાદ યાત્રા કરવાને માટે પ્રયાણ કર્યું. શ્રી શત્રુંજય તીર્થથી ચાર યોજન દૂર શ્રી કાંચનપુર નગરના નજીકના તલાવના કાંઠે બેસી જેવામાં ભોજન કરવાની તૈયારી કરે છે તેવામાં તે નગરમાં અપુત્રીઓ રાજા મરણ પામવાથી મંત્રિ તથા નાગરીકજનોએ ત્યાં આવી પાંચ દિવ્યો વડે તે સમુદ્રને હર્ષ સહિત રાજ્ય અર્પણ કર્યું.......

તદંનતર શ્રેષ્ઠ હસ્તીપર આરૂઢ થયેલ, અને શ્વેત છત્રોયે કરીને શોભાયમાન, ચામરે વીંજાતો નગર લોકો સહિત અને કવીશ્વરો તથા ભાટ–ચારણોથી સ્તુતિ કરાતો ચાર પ્રકારની સેનાની વિચિત્રતાએ કરીને વ્યાપ્ત થયેલ છે સુંદરમાર્ગ જે ઠેકાણે, રાજ્યના વાજીંત્રોના નિર્ઘોષથી પૂર્ણ કરાતું છે સકલ બ્રહ્માંડ જે સમયે એવા સમુદ્રપાલ રાજાએ વિવિધ રંગના તોરણોએ કરી રમણીય, ગગન મંડલને ભેદનાર ઉચ્ચપતાકાઓ સહિત, દેખવા લાયક નાટકે કરીને સહિત, તથા અનેક રંગના પાણીથી સિંચાતી પૃથ્વીપીઠિકા અને સ્પષ્ટ

સ્વસ્તિકો (સાથીયા)થી વ્યાપ્ત, અનેક જાતના ચંદરવાએ કરી સંપૂર્ણ, વ્યાપારીઓની દુકાનની શ્રેણિથી શોભતા એવા નગર પ્રત્યે ઉત્સવ સહિત પ્રવેશ કર્યો. તમામ રાજ્યકાર્ય આટોપીને ત્રીજા પ્રહરે સમુદ્રપાલ રાજા સ્વસૈન્ય સહિત મોટી રૂદ્ધિસંયુક્ત તીર્થાધિરાજ શ્રીશત્રુંજય પર્વતપર ચડતો હવો. તે પર્વતપર બીરાજમાન શ્રીજૈનસિદ્ધાંતમાં ભાષિત સત્તર પ્રકારી વિગેરે વિવિધપૂજાઓ ભણાવવા પૂર્વક શ્રીમાન્ આદિ જીનેશ્વરની ઉત્તમ વિધિપૂર્વક પૂજા કરી, એ પ્રમાણે તે સમુદ્રપાલ્ રાજાએ પૂજાઓ, ધ્વજારોપણ આદિ સત્કાર્યોમાં અને યાચકજનોને મનોવાંછિત દાનમાં એટલું પુષ્કળ ધન વાપર્યું કે જેના અપુર્વ સુંદર કાર્યો જોઇને મેઘ પણ લજ્જા પામવાથી શ્યામ થઇ ગયો. અર્થાત્ યદ્યપિ મેઘ પૃથ્વીતલ પર અખૂટ વૃષ્ટિ વર્ષી સર્વ જનોનાં ચિત્તને પ્રસન્ન કરે છે તથાપિ તે શ્યામજ કહેવાય છે. હવે તે રાજાએ નાગનું અનેકશઃ નામ ગ્રહણ કરવા પૂર્વક શ્રીમાન્ જગત્પતિ જીનેશ્વર ભગવાનની આઠ દિવસ પર્યંત પૂજામાં તથા દાનાદિ સુકૃત્યો કરવામાં પોતાના અર્ધ ધનનો વ્યય તે પવિત્ર તીર્થપર રહીને કર્યો, તીર્થયાત્રા કર્યા બાદ સિદ્ધિક્ષેત્રથી ઉતરીને પોતાના નગરમાં પ્રવેશ કર્યો તે ગામની આજુબાજુમાં રહેલા નગરના દુષ્ટ રાજાઓ કે જે તેનાપર વૈરભાવને રાખનારા હતા તે રાજાઓ તેની રાજ્ય પ્રાપ્તિને નહિ સહન કરી શકવાથી તે સમુદ્રપાલ

રાજાને નગરમાં પ્રવેશ કરતાંજ આસપાસના રાજાઓના સૈનિકોએ ચારે બાજુથી ઘેરી લીધો. બન્ને સૈન્યોનું પરસ્પર યુદ્ધ પ્રવર્ત્યું. એટલામાં સમુદ્રરાજાના સૈનિકો દુશ્મનોના પરાક્રમથી નાસવા લાગ્યા. આવી પરિસ્થિતિ થઈ જવાથી સમુદ્રરાજા પોતાની સેના વીખરાઈ ગઈ એમ જાણી હવે શું કરવું ? એવો જેટલામાં વિચાર કરે છે તે દરમ્યાન મજબુત બંધનોથી બંધાએલા અને બે હાથ જોડી ઉભા રહેલ સુભટોને પોતાની સન્મુખ રક્ષણ કરો રક્ષણ કરો એવા ઉદ્ગારો કરતા જોયા. પોતાના ઉપર દ્વેષ ધારણ કરનાર તથા યુદ્ધ કરનાર સર્વ રાજાઓ તેમજ સૈનિકોને પોતાના માણસો દ્વારા છોડાવીને અહો ! આ શું આશ્ચર્ય બન્યું ! એમ તે રાજાઓને પૂછ્યું ત્યારે સર્વ રાજાઓએ પ્રત્યુત્તર આપ્યો કે અમો આમ બનવાનું બીજું તો કાંઈ વિશેષ કારણ જાણતા નથી કિન્તુ દુષ્ટબુદ્ધિથી અમો પરસ્પર યુદ્ધ કરતા છતા સ્વયમેવ બંધાઈ ગયા એટલું માત્ર જાણીએ છીએ પણ હમણાં તો આપનીજ કૃપાદ્રષ્ટિથી છુટયા છીએ તે નિઃસંશય છે માટે આપ અમો સર્વને સેવક માફક માની હાલ તુરત સ્વિકાર કરો, તથા જે કાંઈ આજ્ઞા હોય તે ફરમાવો. એવી રીતે સેવક તરીકે પોતાને વશ થયેલ સર્વ રાજાઓથી પરિવરેલ તે સમુદ્રપાલ રાજાએ મહોટા ઉત્સવ-યુક્ત પોતાની પુરીમાં પ્રવેશ કર્યો. હવે એક વખતે પરિષદ્

(સભા)માં સભ્યો સાથે કેટલીક વાતચીત કરી આવેલા રાજાઓને વિસર્જન કરીને પોતાનાં ગૃહમંદિરમાં દેવપૂજા કરવા ગયો એવામાં પૂજા કરતા કરતા પોતાની સન્મુખ વ્યંતર દેવતાને જોઇને રાજાએ પૂછ્યું કે તું કોણ છે? ત્યારે વ્યંતર દેવે કહ્યું કે હું તામલિપ્તી નગરીમાં પ્રથમ નાગ નામનો ગોષ્ટિક (ગાયના વાડાનું રક્ષણ કરનાર) હતો. ત્યાં મ્હારા પૂર્વજોએ બંધાવેલ જીનેશ્વરના મંદિરની સંભાલ રાખતા દેવદ્રવ્યથી પોષણ કરેલ મહારૂં સઘળું કુટુંબ નાશ પામ્યું. હું તે વખતે એમ જાણતો નહતો કે દેવદ્રવ્યનું સેવન કરવાથી અનર્થ ઉત્પન્ન થાય છે પણ કોઇક સમયે નિમિત્તીઆના મુખથી દેવદ્રવ્યનો ઉપભોગ કરવાથી કુટુંબનો નાશ થાય છે એવું સાંભળીને હું ડર પામ્યો અને તેથી તે કાર્ય મેં છોડી દીધું. મહારી પાસે દેવદ્રવ્ય તરીકેની ચોવીશ હજાર દીનાર (સોનામહોરો) જે બાકી રહી હતી તે પૃથ્વીમાં આ દેવદ્રવ્ય છે એવા લેખિત પત્ર સહિત દાટી. અને ત્યાર પછી સારા વ્યવહારોચિત કાર્યો કરી નીતિથી ધન મેલવી આજીવિકા ચલાવતો છતો મરણ સમયે દુઃખ પૂર્વક રાત્રીમાં નજીક પાડોશમાં રહેલ સ્થવિરીના મુખથી કોમલ સ્વરથી કહેવાતા શ્રીશત્રુંજય તીર્થના અદ્ભૂત માહાત્મ્યને એકાગ્રચિત્તે સાંભળતો છતો મૃત્યુ પામ્યો. ફક્ત અંત સમયે શ્રીશત્રુંજય તીર્થના ધ્યાનથીજ આજ પર્વતને વિષે વ્યંતર દેવતા

થયો. આ પર્વતને વિષે પૂજા સમયે તમારા મુખથી મહારૂ નામ સાંભળીને પૂર્વભવનો વૃત્તાન્ત સ્મરણ કરી પ્રીતિયુક્ત ચિત્તવાન્ એવા મેં ચિંતવ્યું કે આ રાજાએ દેવપૂજામાં દેવદ્રવ્યનો વ્યય કર્યો તે ઘણુંજ સારૂં કર્યું માટે એને હમણાજ સહાયકારક થાઊં એમ વિચાર કરી શ્રીશત્રુંજય તીર્થથી સાથે આવેલા મેં તમારા શત્રુઓને દ્રઢ બંધનોથી બાંધી લીધા હતા. પણ તમારા શરણે આવવાથી છોડી દીધા. યદ્યપિ હું અલ્પસામર્થ્યમાન્ છું તથાપિ મારા સ્થાન સિવાય બીજા કોઇપણ સ્થાને રહેવા સમર્થ નથી. માટે હવે હું મારા સ્થાનકે જઇશ. પણ છેવટમાં મારે તમને એટલું જણાવવાનું છે કે તમારે દર વર્ષે મારા નિમિત્તે સુકૃત્યોમાં ધન ખર્ચવું. એ પ્રમાણે જ્યારે વ્યંતર દેવે પોતાનો સમસ્ત વ્યતિકર રાજાને સ્પષ્ટ કહી બતાવ્યો અને છેવટની માગણી કરી ત્યારે રાજાએ પણ તેનું વચન માન્ય કર્યું. કારણકે કહ્યું છે કેઃ—

> यद्वस्तु दीयते चेत्तत्, सह स्रगुणमाप्येत ।
> तद्दत्ते सुकृते पुण्यं, पापे पापं च तद्गुणं ॥

તાત્પર્ય—જે વસ્તુ દાન તરીકે આપવામાં આવે છે તેથી હજારગણું ફલ મેલવાય છે. પણ જો સુકર્ત્તવ્યોમાં અપાય તો પુણ્ય થાય છે અને પાપ આરંભકારી કાર્યોમાં

અપાય તો તેટલાજ ગણું પાપ અર્જન થાય છે. પુનઃ જો ધનવંતનું ધન પણ પાપકાર્યોમાં અર્પણ કરવામાં આવે તો તે ધન ક્રમે ક્રમે હાનિ પામે છે તથા તેજ ધન પુણ્ય કાર્યમાં આપવામાં આવે તો ધનવંતને ધનની વૃદ્ધિ થાયછે. જે માણસને અન્ત વખતે પણ જેટલું સુકૃત સંભળાવાય છે તેટલુંજ પોતાની શ્રદ્ધાના અનુમાને કરીને ફલ પ્રાપ્ત કરે છે ત્યાર પછી સંભળાવનાર જો પૂર્વે કહેલું પુણ્યકાર્ય કરે તો તે માણસ પણ પોતાના દેવામાંથી છુટે છે અને પુણ્યનો ભાગી થાય છે પણ જો ન કરે તો તેથી વિપરીત ફલ પામે છે. અને જે પ્રાણીને કોઇપણ ગતિમાં પુણ્ય કાર્ય ન સંભળાવ્યું હોય તો પણ સ્વયમેવ પુણ્ય-કાર્યની જો શ્રદ્ધા કરે અને પછી જ્ઞાનાદિ શક્તિથી જો જાણે તો તે પણ પુણ્યનું ફલ પ્રાપ્ત કરે છે. જે કુટુંબીએ પોતાના કુટુંબીના અન્તકાલે કાંઇપણ સુકૃત સંભળાવ્યું ન હોય અને કર્યું પણ ન હોય અને પાછળથી પોતાના કુટુંબીને નામે કાંઇપણ પુણ્યકાર્ય કરે તો તે માણસ માત્ર વ્યવહારિકજ પ્રીતિ અને ભક્તિ પોતાનામાં છે આટલુંજ લોકોની સમક્ષ જણાવે છે.

ત્યાર પછી વ્યંતર દેવ અદૃશ્ય થઈ ગયો. રાજા પણ પુણ્યનું ફલ પ્રત્યક્ષ જોઈને તથા સાંભળીને તેજ નગરમાં આદર સહિત રહ્યો. પોતાનો લઘુ બાંધવ સિંહ જો કે

પાપારંભના કાર્યો કરવામાં તત્પર હતો છતાં પણ કોઈપણ રીતે તેનું શ્રેય થાય તો સારું એમ વિચારીને તેનું કલ્યાણ કરવાની બુદ્ધિથી એક દિવસ તામ્રલિપ્તી નગરીમાં તેને બોલાવવા પોતાના વિશ્વાસુ માણસને મોકલ્યો. તે માણસે તે નગરીમાં જઈને તત્રસ્થ જનોને પૂછ્યું કે અહીં અત્યારે સિંહ વિદ્યમાન છે કે નહિ? ત્યારે ત્યાં ખબર મલ્યા કે કોઈ સ્થલે નાસી ગયો છે ત્યાર બાદ તે દૂત પાછો આવ્યો. હવે તે રાજા ન્યાય પૂર્વક રાજ્યનું પાલન કરતો છતો પોતાના સ્વજન પરિજન વર્ગ સહિત શ્રી શત્રુંજય તીર્થની અનેક વાર યાત્રાઓ કરતા ચિરકાલ પર્યંત સુખ ભોગવતો છતો નિરંતર ધર્મ ધ્યાનમાંજ તત્પર રહે છે, બીજા રાજાઓ પણ તેના પૂર્વે નહિ શ્રવણ કરેલ વૈરના બદલાને સ્મરણ કરતા કરતાં કોપાયમાન થયા થકા અભિમાની છતાં પણ તે રાજાને નમન કરતા હતા. તે સમુદ્રપાલ રાજાએ પોતાની વૃદ્ધાવસ્થા થયેલ જાણીને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી પોતાના મોટા પુત્રને રાજ્યપર સ્થાપન કરીને સારા સ્થાનોમાં લક્ષ્મીનો સદ્વ્યય કરી સદ્ગુરૂ સમીપે પ્રવ્રજ્યા ( દીક્ષા ) ગ્રહણ કરી. દીક્ષા લીધા બાદ એકવીશવાર ઉપશમ ભાવ પૂર્વક અનશન ગ્રહણ કરી સર્વાર્થસિદ્ધિ નામના અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને પૂર્વ ભવમાં પાલન કરેલ શ્રેષ્ટ ચારિત્ર રૂપ રાજ્યના બલથી ઉત્તમ કુલ પામીને કેવલ જ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષે ગયો.

હવે આ તરફ જે સિંહ નામનો સમુદ્ર રાજાનો નાનો ભાઈ હતો તે તામલિપ્તી નગરીથી યાત્રા કરવાના મિષથી સર્વ ધન લઈને કુટુંબ સહિત સમુદ્ર માર્ગે થઈને સિંહલદ્વીપમાં ગયો. ત્યાંના રાજાની મહેરબાની મેલવીને હાથીદાંત ખરીદવા માટે પોતે એકલો જંગલમાં ગયો. અને હાથીના વધ કરનાર માણસો દ્વારા હાથીદાંત મંગાવીને ખરીદ કર્યા (ખરેખર નીતિ શાસ્ત્રકારોએ સત્યજ વચન કહ્યું છે કેઃ—"पापद्रव्येण यत्पापेष्वेव बुद्धिः प्रजायते" પાપથી સંચય કરેલ ધનથી પાપકારી અધમ કૃત્યો કરવાનીજ બુદ્ધિ ઉત્પન્ન થાય છે આપણામાં એક લૌકિક સાદી કહેણી છે કે "જેવો આહાર તેવો ઓડકાર" માટે સુજ્ઞ જનોએ ન્યાય, નીતિ યુક્ત ધન ઉપાર્જન કરવામાંજ પ્રયત્ન શીલ બનવું એજ સજ્જનતાનું ઉત્તમ ભૂષણ છે વલી આપણા જીવનમાં પ્રથમ નિયમ એવો દ્રઢ હોવો જોઇએ કે "न्याय सम्पन्न विभव" ન્યાયથીજ મેળવેલું ધન વાપરવું.

શ્રાવકને પ્રથમ મોક્ષમાર્ગ તરફ દોરવનાર એવા ઉત્તમ માર્ગાનુસારીના પાંત્રીશ ગુણો પૈકીમાં ન્યાયથી દ્રવ્ય મેલવવું એ એક પ્રથમ ગુણ છે અને તે ગુણ પ્રાપ્ત કરવા માટે દરેક મનુષ્યો એ પોતાના વિચારો ( Idea ) મકકમ કરવા જોઈએ કે "મારૂં પવિત્ર જીવન સુખ પૂર્વક નિર્વાહ કરવાને માટે નીતિ માર્ગથીજ દ્રવ્ય મેલવીશ" એ જીવન સૂત્ર દરેકના હૃદયપટમાં સુવર્ણાક્ષરે કોતરી રાખવું જરૂરનું છે. જીનેશ્વર કથિત સિદ્ધાંતના આધારે જે અનુ-

ષ્ઠાન થાય તેને વિદ્વાન્ પુરૂષોએ ધમ કહેલો છે. અનુષ્ઠાન એટલે કોઇપણ ક્રિયા અથવા પ્રવૃત્તિ, તે બે પ્રકારની છે એક વિધિ રૂપે અને બીજી પ્રતિષેધ રૂપે "સામાયિક કરવું" એ રૂપ આદેશ તેને વિધિ અનુષ્ઠાન કહેવાય છે. અને "હિંસા ન કરવી" તે રૂપ આદેશ તે પ્રતિષેધ અનુષ્ઠાન આ બે પ્રકારનું અનુષ્ઠાન કરવું તેનું નામ ધર્મ કહેવાય છે તે અનુષ્ઠાન મૈત્રી (સર્વ પ્રાણી પ્રત્યે મિત્ર સમાન વર્ત્તવું) ૨ પ્રમોદ (આપણાથી જ્ઞાનાદિ ગુણમાં, તેમજ બીજા કોઇ પણ પ્રકારે આગળ વધેલ મનુષ્યને જોઇને હૃદયમાં આનંદ થવો) ૩ કારૂણ્ય (કોઇ પણ માણસ આપણાથી જ્ઞાન વિગેરેમાં ઉતરતો હોય અથવા દુઃખી હોય તેના તરફ દયાભાવ) ૪ માધ્યસ્થ (દેવગુરૂની આપણી તથા અન્ય પુરૂષોની નિંદા કરતો કોઇને જોઇને તેના તરફ દ્વેષ ન કરતાં કર્મની વિચિત્ર ગતિ છે એમ માની તેની ઉપેક્ષા કરવી) આ ચાર ભાવનાઓ સહિત જે અનુષ્ઠાન શાસ્ત્રાધારે કરવામાં આવે તે વ્યવહારનયની અપેક્ષાએ ધમ કહેવાય છે. અને નિશ્ચયનયની અપેક્ષાયે જેથી જીવની પરિણતિ સુધરે અને રાગ દ્વેષ ઓછા થાય તેવો કોઇપણ જ્ઞાન દર્શન ચારિત્રાદિક પ્રાપ્ત કરવાનો માર્ગ તે ધર્મ કહેવાય. તે ધર્મ બે પ્રકારે છે તેને માટે આયમહત્તરાસૂનુ શ્રીમાન્ **હરિભદ્રસૂરિજી** મહારાજે પોતાના રચેલા ધર્મબિંદુ ગ્રંથમાં જણાવ્યું છે કે:—**सोऽयमनुष्ठातृभेदाद् द्विविधो गृहस्थधर्मो यातिधर्मश्चेति** " આ ધર્મ અનુષ્ઠાન કરનારના ભેદથી બે પ્રકારનો છે ૧ ગૃહસ્થ ધર્મ અને ૨ બીજો યતિ ધર્મ. આમ બે પ્રકાર પાડવાનું કારણ એટલુંજ કે સર્વ મનુષ્યો કાંઇ દીક્ષા અંગીકાર કરવાને શક્તિમાન્ હોતા નથી માટે તેમને માટે ધર્મ પણ

એક હોઈ શકે નહિ. આફ્રીકાના એક જંગલી મનુષ્ય અને યુરોપની એક વિદ્વાન્ ગૃહસ્થમાં આપણને બહુજ તફાવત માલૂમ પડે છે તોપણ જેમ મનુષ્યોમાં ભિન્નતા છે ત્યારે ધર્મ તેમને માટે ભિન્ન હોવો જોઇએ. માટેજ શાસ્ત્રકારોએ બે વિભાગ પાડયા છે ગૃહસ્થ-ધર્મ એટલે કે શ્રાવકધર્મ જે મનુષ્ય ધર્મનું શ્રવણ કરે છે અને તે પ્રમાણે વર્તવાને યથાશક્તિ પ્રયત્ન કરે છે તે શ્રાવક કહી શકાય. શ્રાવકોમાં પણ સર્વે એકજ સ્થિતિના હોઈ શકતા નથી. માટે ગૃહસ્થધર્મના પણ બે ભેદ પડે છેઃ—'तत्रगृहस्थधर्मोऽपि द्विविधः सामान्यतो विशेषतश्चेति' તેમાં ગૃહસ્થ ધર્મમાં માર્ગાનુસારીના પાંત્રીશ ગુણોનો સમાવેશ થાય છે. અને વિશેષ ધર્મમાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત તથા ચાર શિક્ષાવ્રત એ રીતે સમકિત સહિત બાર વ્રત અન્તર્ગત થાય છે. હવે સામાન્ય ધર્મપાલન કરવા માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો મેળવવા જોઇએ તેમાંનો પ્રથમ ગુણ ન્યાયથી ધન મેલવવું તે છે. અત્રે તેનો પ્રસંગ હોવાથી તે ગુણ ઉપર કેટલુંએક વિવેચન આપવામાં આવે છે. તેને માટે હરિભદ્ર સૂરિજીએ જણાવ્યું છે કેઃ—

तत्र सामान्यतो गृहस्थधर्मः कुलक्रमागतमनिन्द्यं ।
विभवाद्यपेक्षया न्यायतोऽनुष्ठानमिति ॥

કુલ પરંપરાથી ચાલી આવેલું, અનિંદ્ય અને પોતાના વૈભવની અપેક્ષાએ ન્યાય યુક્ત તે સામાન્ય પણે ગૃહસ્થ ધર્મ કહેવાય છે...

કુલ પરંપરાથી ચાલી આવેલું એ વિશેષણ મુકી એમ જણાવ્યું કે જે આચાર વિચાર વંશપરંપરાથી ચાલતો આવતો હોય

અને તે શુદ્ધ હોય તો તેનો ત્યાગ કરવો નહિં તેમજ જે ક્રિયા શ્રાવક કરે તે નિંદવા યોગ્ય નહિં હોવી જોઇએ વલી પોતાની સ્થિતિનો પણ વિચાર કરવો. કેટલાક મનુષ્યો પોતાની સ્થિતિ હજાર રૂપીયાના વ્યાપારની હોય તે છતાં દશ હજારનો વ્યાપાર કરે તો તેમાં કોઈ વખતે મોટું નુકશાન ખમવું પડે છે. માટે જીનેશ્વરની આજ્ઞા મુજબ પ્રથમ સર્વ પ્રાણીઓએ ત્યાગવૃત્તિ આચરણ કરવી જરૂરની છે. છતાં તે આચરણ કરવા માણસ અશક્ત હોય તો સમ્યકત્વમૂલ બારવ્રત ધારી શુદ્ધ શ્રાવક બનવું જોઇએ. માટે અનુચિત વ્યાપાર નહિં કરતાં ન્યાયથીજ કરવો. જ્યાં સુધી શ્રાવકધર્મ છે તેમજ કુટુંબના ભરણ પોષણની ચિંતા પોતાને શિર રહેલી છે ત્યાં સુધી તેને ધન મેલવવાની તો આવશ્યકતાજ છે કારણ ધર્મકાર્ય માટે પણ જોઇતું ધન જો ન મલે તો તે અધર્મ અનુષ્ટાનજ કરે છે જેઓ શ્રાવક છતાં ધન મેલવવા પ્રયત્ન કરતા નથી તેઓ બન્ને લાભ ગુમાવે છે તેને માટે કહ્યું છે કે:—

वित्तीवोच्छेयम्मिय, गिहिणो सीयन्ति सव्वाकिरियाओ।
निरवेक्खस्स उ जुत्तो, संपुण्णो संजमो चेव ॥

આજીવિકાનો નાશ થવાથી ગૃહસ્થની સર્વ ધર્મ ક્રિયાઓ શિથિલ થાય છે પરન્તુ જેને આજીવિકાની અપેક્ષા નથી તેના માટે તો સંપૂર્ણ પ્રકારે ચારિત્ર ગ્રહણ કરવું એજ લાયક છે. હવે ન્યાયથી ધન ઉપાર્જન કરવાનું કારણ શું ? તે જણાવે છે.—न्यायोपात्तं हि वित्तमुभयलोकहितायेति । अनाभिशङ्कनीय तयापरिभोगाद्विधिना

तीर्थगमनाच्चेति ॥ ન્યાયથી મેળવેલું ધન આ લોક તેમજ પરલોકના હિતને અર્થેજ થાય છે કારણકે તેનો ઉપયોગ શંકા રહિત પણે થાય છે તેમજ વિધિપૂર્વક તીર્થયાત્રા પણ તે ધનવડેજ થઈ શકે છે હવે તેના લાભ બતાવે છે જે મનુષ્ય અન્યાયથી ધન મેલવે છે તેને અથવા તે ધનથી ખરીદેલી વસ્તુ જેવી કે બંગલો, ગાડી, ઘોડા વિગેરે જોઇ લોકો પણ શંકા કરે છે કે આ તો અમુક માણસે લાંચ લઈ ખરીદેલ છે. તેમજ તેનું ચિત્ત પણ સ્થિર રહેતું નથી. નિરંતર ચિત્તમાં ભય રહ્યા કરે છે કે:—આ મારી અન્યાયની વાત કોઇ જાણશે તો મારે વિષે શું કહેશે ? એવી રીતે હંમેશા આર્ત્તરૌદ્ર ધ્યાનમાં તેના દિવસો જાય છે વલી અન્યાયથી ધન મેલવવામાં જે લોભવૃત્તિ મુખ્ય હતી તેજ તેને દાનાદિક સત્કાર્ય કરવામાં ઉપયોગ કરતાં અટકાવે છે. ધનની શાસ્ત્રકારોએ ત્રણ સ્થિતિ માનેલી છે.

दानं भोगो नाशस्तिस्रो गतयो भवन्ति वित्तस्य
यो न ददाति न भुङ्क्ते, तस्य तृतीया गतिर्भवति ॥

૧ દાન ૨ ભોગ ૩ નાશ એમ દોલતની ત્રણ ગતિ છે. જેઓ દાન આપતા નથી કે પોતે ભોગવતા નથી તેઓના ધનને વાસ્તે નાશનો માર્ગ ખુલ્લોજ હોય છે...... ન્યાયથી ધન મેલવનારનું મન સર્વદા શાન્ત અને આનંદી રહે છે. અને મનના વિચારો શુદ્ધ હોય તો ઉચ્ચગતિ પામી શકાય છે કહ્યું છે કે:— ' मन एव मनुष्याणां, कारणं बन्धमोक्षयोः ' મન એજ મનુષ્યને બંધ તેમજ મોક્ષનું કારણ છે તેમજ ન્યાયવાલા ધનથીજ

તીર્થયાત્રામાં ખરચેલ પૈસો યથાર્થ ફલદાયી થાય છે તેમજ દીન પુરૂષોને અન્નદાન-વસ્ત્રદાન-વિદ્યામાં સહાય વિગેરે આપી તેમના દુઃખો દૂર કરવા તેના જેવો શ્રેષ્ટ માર્ગ બીજો એક પણ નથી તેમાં પણ એવું કારણ છે કે સ્ત્રી, પુત્ર, માતા, પિતા વિગેરે સ્વજન વર્ગનો તિરસ્કાર કરી સર્વ ધન તેમાં ખરચવું નહિ. કારણ કે તેમની આજીવિકાનો આધાર તેના ઉપરજ છે નહિં તો "ઘરના છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો" એ કહેવત આપણનેજ લાગુ પડે. હવે અન્યાયથી પેદા કરેલ ધનથી શું ફલ થાય છે તે બતાવે છે:— आहितायैवान्यदिति । तद्नपायित्वेऽपि मत्स्यादिगलादिवद्विपाकदारुणत्वादिति ॥ ભાવાર્થ— અન્યાયથી પેદા કરેલ ધન હિતકારી થતું નથી કારણકે જો કે તે ધન નાશ ન પામે તો પણ મત્સ્યાદિને પકડવાને માટે નાંખેલા કણક વળગાડેલ લોઢાના આંકડાની પેઠે પરિણામે ભયંકર છે. કદાચિત્ પાપાનુબંધિપુણ્યના ઉદયથી કેટલોક વખત તે ધન વિનાશ ન પામે તો પણ તેથી કાંઇ ફુલણજીની માફક ફુલાવું નહિ કેટલાએક અ-જાણપુરૂષો બીજાઓને અન્યાયથી ધન પેદા કરતા જોઈ લોભના વશથી પોતે પણ તેમ કરવા પ્રવૃત્તિ કરે છે. વર્તમાન સમયની સ્થિતિ લગભગ એવીજ થઈ ગઇ છે કારણ ઘણાના મુખથી એમજ સાંભલવામાં આવે છે કે "જો કપટકલા કેળવી ધન પ્રાપ્ત ન કરીએ તો કાંઇ કમાઇએ પણ નહિં માટે આવા અન્યાયથી ધન મેળવી પશ્ચાત્ તે ધન સન્માર્ગે ખરચી પાપ ધોઇ નાંખીશું" આ માન્યતા કેવલ મુર્ખતાઇનુંજ લક્ષણ સૂચવે છે. એવી માન્યતા ધરાવનાર બિચારાઓને ખરેખર કર્મના નિયમનો વિશ્વાસજ નથી. કારણ કે

કર્મનો નિયમ તો અચળ અને સનાતન છે તે આપણને અદષ્ટ રીતે એમ સૂચન કરે છે કે 'જેવું કરશો તેવું પામશો.' કદાચ તમે છાનો ગુન્હો કરી રાજદંડથી બચી જાઓ પણ કર્મનો નિયમ તો એમજ શિખવે છે કે ફકત તમારા કાર્યો અને વચનને માટેજ નહિં પણ તમારા સારા અથવા ખરાબ વિચારોને સારૂં પણ તમે પોતે જવાબદાર છો તો એ પ્રમાણે કર્મના સિદ્ધાંત (Theory) નો સંપૂર્ણ વિચાર કરી અન્યાયી આચરણોથી વેગળા રહેવું તેજ-શ્રેયસ્કર અને ઐહિક તથા પારલૌકિક કાર્યમાં હિતકારી છે માછલા પકડવાને મચ્છીમારો લોઢાના આંકડાને લોટની કણુક વલગાડીને પાણીમાં નાખે છે તેનાથી લલચાઇને માછલાઓ તે ખાવા માટે આવે છે પણ તે ખાવા જતાં તુરતજ તે લોઢાનો આંકડો તેમને તાળવે ભોંકાઇ જતાં તેમને ઉત્પન્ન થયેલ લોટ ખાવાની તૃષ્ણા તેમના મરણના કારણભુત થાય છે. માટે છેવટે જે કાર્યનું પરિણામ દુઃખકારક હોય તે કાર્ય કયો બુદ્ધિમાન્ પુરૂષ કરે? કહ્યું છે કેઃ—

જે સુખમાં ફિર દુઃખ વસે, સો સુખ નહિં દુઃખ રૂપ ;
જે ઉત્તંગ ફિર ગીર પડે, સો ઉત્તંગ નહિ ભવ કૂપ

ઉપરોક્ત કહેલ સુખ તે કેવલ આત્મિક આનંદ અને તેજ પરમપદ તરીકે ઓળખાય છે. આ વાત સિદ્ધ કરતાં શ્રીમાન્ **હરિભદ્ર** સૂરિશ્વરજી પોતેજ **અષ્ટકજીમાં** સાક્ષાત્ બતાવે છે કેઃ—

**यन्न दुःखेन संभिन्नं, न च भ्रष्टमनन्तरं ।**
**अभिलाषापनीतं यत्तज्ज्ञेयं परमं पदं ॥ १ ॥**

જે સુખ દુઃખે કરીને મિશ્રીત થએલ ન હોય અર્થાત્ સુખમાં દુઃખ અને દુઃખમાં સુખ એ ઘટમાલા ન ચાલતી હોય તથા જે

સુખ પ્રાપ્ત થયા પછી કદાપિ જેનો નાશ થતો નથી એટલે જેની સર્મદ અનાસ્થિતિ છે, પુનઃ જે સુખ પ્રાણિયોની અભિલાષામાં પણ આવિ શકે નહીં અને મહાપંડિતો અને કવિયોની વાણિમાં પણ આવિ શકે નહિ તેજ. ખરેખર પરમ પદ મોક્ષ સુખ ને આત્મિક સાક્ષાત્ આનંદ છે, તથા આપણે જો ખાસ વિચાર કરીયે તો આપણને પોતાનેજ માલુમ પડશે જે સાંસારિક પૌદ્ગલીક સુખ મેળવવાને માટે કેટલી ઉપાધિ, કેટલા કષ્ટો, અને પરની ગુલામગીરી કરવી પડે છે. અર્થાત્ જે સુખ સિદ્ધ કરવા જતા એકાન્ત દુઃખજ પ્રાપ્ત થાય છે, અને સુખ તો માત્ર ક્ષણિકજ છે તો તે સુખને કયો વિચક્ષણ સુખ તરીકે ઓળખી શકે. આજ વાત **જ્ઞાનસાર** પ્રકરણમાં સુખ અને દુઃખનું લક્ષણ બતાવતાં **યશોવિજયજી** મહારાજ પણ કહે છે :—

**'परस्पृहा महादुःखं, निस्पृहत्वं महासुखं ।**
**एतदुक्तं समासेन, लक्षणं सुखदुखयोः' ॥ १ ॥**

અમુક ઠેકાણેથી મને અમુક વસ્તુ પ્રાપ્ત થશે અથવા અમુક રાજા કે ધનવંતો મને અમુક દોલત આપશે અગર જો હું પરદેશ ગમન કરીશ તો ધન મલી શકશે ઇત્યાદિ અનેક પ્રકારે પરની જે આશા રાખવી તેજ ખરેખર મહા દુઃખ છે. અર્થાત્ આના શીવાય બીજુ ઉત્કૃષ્ટ દુઃખ નથી, અને કોઇપણ આશા ન રાખવી, તથા જે કાંઇ સુખાદિ વસ્તુ છે તે મારા આત્મામાંજ છે અને તે મને કોઇ આપિ શકવાને સમર્થ નથી અને તે હું પોતેજ જાતે ઉત્પન્ન કરીં શકીશ માટે બાહ્ય વસ્તુની મારે આશા રાખવી તેજ કામી છે.

અને અસત્ય છે, હું પોતેજ સર્વ વસ્તુવાન્ છું તો તેજ પ્રગટ કરૂં એ પ્રકારે વિચાર કરી બાહ્ય પદાર્થ ઉપરનો જે રાગ, મોહ તેને દૂર કરી નિસ્પૃહતા પ્રાપ્ત કરવી તેના જેવું બીજું ઉત્કૃષ્ટ સુખ નથી આવિરીતે સત્ય વસ્તુનો નિર્ણય કરી સત્ય વસ્તુને મેલવવા દરેક બુદ્ધિમાનોએ પ્રયત્ન કરવો જોઇયે.

અન્યાયથી ધન મેલવવાનો નિષેધ કરવાથી ધન મળશે નહિં. ધન નહિં મલવાથી આજીવિકા ચાલી શકશે નહીં અને તેથી ધર્મમાં ચિત્તની સ્થિરતા ટકી શકશે નહિં માટે શું કરવું એમ શંકા નિવારણ કરવાને ગ્રન્થકાર શ્રી હરિભદ્ર સૂરિજીએ નીચે પ્રમાણે સ્પષ્ટ ખુલાસો કર્યો છે.

" न्याय एव ह्यर्थाप्त्युपनिषत्परेति समयविद इति"

ન્યાય તેજ ધન મેલવવાનો ઘણો રહસ્યભૂત ઉપાય છે એમ શાસ્ત્રકારો કહે છે. જ્યારે માણસ ન્યાય–નીતિસર ધનપ્રાપ્તિમાં વર્ત્તન કરે તો તેથી શુભકર્મ ઉપાર્જન થાય છે અને શુભકર્મ મેલવ્યું તો ધન તો તેના પ્રભાવથી તેની મેલેજ આવશે. પૂર્વે બાંધેલ પાપકર્મના ઉદયથી આ ભવમાં કદાચ તેને ધન ન મલે તેથી કોઈ અધર્મી માણસ તે મેલવવા અન્યાયી વર્ત્તણુક રાખે તો તેથી ધન મલતું નથી પણ ઉલટું ભવિષ્યમાં પણ તે અન્યાય આચરણ રૂપ બાંધેલ પાપકર્મથી મલવાનું નહિં. માટે પ્રથમ તો ધન મેલવવા લાયકાત મેલવવી જોઇએ અને તે યોગ્યતા પ્રાપ્ત કરવાનો ન્યાયાચરણ વિના બીજો એકપણ રસ્તો નથી. માણસ કસોટી પૂર્વકજ આત્માના ઉચ્ચ જ્ઞાનાદિ ગુણો પ્રગટ કરી શકે છે અને લોભની જાલમાંથી પસાર થવું તે કાંઇ જેવી તેવી કસોટી નથી. માટે જેઓ

લોભને વશ થતા નથી તેમજ ગમે તેવા દુઃખો પામ્યા છતાં પોતાની અડગ ટેકથી ન્યાયનેજ વલગી રહે છે તેઓની સન્મુખ લક્ષ્મી ગુણોથી લલચાઇ આપોઆપ આવી હાજર થાય છે. કહ્યું છે કેઃ—

निपानमिव मण्डूकाः, सरःपूर्णमिवाण्डजाः ।
शुभकर्माणमायान्ति, विवशाः सर्वसम्पदः ॥ १ ॥
नोदन्वानर्थितामेति, न चाम्भोभिर्न पूर्यते ।
आत्मा तु पात्रतां नेयः, पात्रतां यान्ति सम्पदः ॥२॥

**ભાવાર્થ**—દેડકાઓ જેમ કુવા તરફ આકર્ષાય છે, પક્ષિઓ પાણીથી ભરેલ સરોવરને જોઇ લલચાય છે તેવીજ રીતે પરાધીન થયેલ સર્વ સંપત્તિઓ શુભકર્મવાલા પુરૂષનેજ પ્રાપ્ત થાય છે.

સમુદ્ર પાણીની યાચના કરતો નથી છતાં પાણીથી પુરાતો નથી એમ નહિ અર્થાત્ પુર્ણ થાયજ છે માટે આત્મા પાત્ર કરવો. પાત્ર થયેલ મનુષ્યનેજ સંપત્તિઓ મલે છે. આ પરથી માત્ર આપણે એટલુંજ યાદ રાખવાનું છે કે "કોઇપણ વસ્તુ મેલવવાની અભિલાષા કરવા કરતાં તે પ્રાપ્ત કરવા યોગ્યતા મેલવવી" આ વચન અનુસાર વર્ત્તન કરનાર મનુષ્યો ઇષ્ટકાર્ય શીઘ્ર સાધ્ય કરી શકે છે. વલી કર્મ એ સૂર્ય રૂપ આત્માના વિકાશને ઢાંકવામાં વાદલા સરખું છે જેમ સૂર્ય ઉગ્ર પ્રકાશ કરે કે તરત વાદલાઓ તેની મેલેજ દૂર થઈ જાય છે તેમ આત્મા કે જેનો સ્વભાવ ન્યાયયુક્ત વર્તવાનોજ છે તે જો પોતાના ન્યાય સ્વરૂપમાંજ પ્રવર્તે તો કર્મ રૂપ વાદલાઓ નાશ પામે છે. અને જ્યારે ન્યાયાચરણથી લાભાન્તરાય કર્મનો નાશ થાય છે ત્યારે ધન સ્વાભાવિક રીતે પ્રાપ્ત થાય છે કહ્યું છે કે **'सत्य-**

સ્મિન્નાયત્યામર્થસિદ્ધિરિતિ ' લાભાંતરાય કર્મનો નાશ થવાથી ભવિષ્યમાં ધન પ્રાપ્તિ થાય છે. સંક્ષેપમાં માત્ર એટલુંજ જણાવવું બસ થશે કે શ્રાવક નામ ધારણ કરી તે શબ્દને યથાર્થ શોભાવવા ને આ ' न्यायसम्पन्नविभव ' ગુણ પ્રથમ મેલવવો કે જેથી ઉત્તરોત્તર અનુક્રમથી ધર્મના ઉચ્ચ પગથીયાપર નિર્ભયપણે ચડી શકાય. તેમજ અભિલષિત શાશ્વત મોક્ષ સુખ પણ મેલવવાને લાયક બની શકાય, હવે અહિંથી પ્રસ્તુત પ્રસંગ પરત્વે આપ વાચક જનોનું ધ્યાન ખેચુ છું. આ વિવેચન આટલું લંબાણ કરવાનું પ્રયોજન એજ હતું કે સમુદ્રપાલ રાજાનો લઘુ બાન્ધવ સિંહ કે જે હાથી દાંત ખરીદવા હાથીઓના જંગલમાં આવેલ છે તેને આવા પ્રકારની અધમ બુદ્ધિ અન્યાયથી મેળવેલા ધનથીજ સુઝી હતી.

હવે તે સિંહે ત્યાં હાથીદાંત ખરીદ કરી ચાર વહાણો ભર્યા અને પોતાના કુટુંબને સિંહલદ્વીપમાં મુકીને સૌરાષ્ટ્ર દેશ તરફ જવાને વહાણો હંકાર્યા, ત્યાંથી સમુદ્ર માર્ગે જતાં જતાં ઠેઠ સુધીનો જલમાર્ગ કુશળતાપૂર્વક ઓળંગ્યો પણ સૌરાષ્ટ્ર દેશના કિનારા નજીક આવતાં અકસ્માત્ ચારે વહાણો કોઈ વસ્તુ સાથે અથડાવાથી ભાંગી ગયાં. અને સિંહ સમુદ્રમાં ડુબી મરણ પામ્યો. ખરેખર પાપ કર્મથી આજીવિકા ચલાવનાર પાપિષ્ઠ પુરૂષોનું કદિપણ કલ્યાણ થતું નથી. ત્યાંથી સિંહ મરણ પામી પ્રથમ નર્કમાં અત્યંત તીવ્ર વેદના સહન કરી તીર્યંચના ભવમાં સિંહ થયો. ત્યાં

પણ અનેક પ્રકારના હિંસાદિ કૃત્યો કરી ફરી પહેલી નારકીમાં ગયો ત્યાંથી નીકળીને દુષ્ટ સાપપણે ઉત્પન્ન થયો, ત્યાંથી બીજી નારકીમાં ગયો, ત્યાં પણ અપાર દુઃખો ભોગવી દુષ્ટ પક્ષી થયો. ત્યારબાદ ત્રીજી નારકીમાં ગયો, ત્યાંથી દુષ્ટ સિંહ થયો, ત્યાંથી ચોથી નારકીમાં જઈને કષ્ટકારક દુઃખો ભોગવી દ્રષ્ટિવિષ સર્પ થયો, ત્યાંથી પાંચમી નારકીમાં ગયો, ત્યાર બાદ ચાંડાલ જાતિમાં સ્ત્રી થયો. તદનંતર છઠ્ઠી નારકીમાં ગયો ત્યાંથી સમુદ્રમાં મત્સ્ય થયો તત્પશ્ચાત્ સાતમી નારકીએ ઉત્પન્ન થયો ત્યાંથી નીકળી તંદુલીયો મત્સ્ય થયો. વળી પાછો સાતમી નારકીમાં ગયો. એવી રીતે અનંતીવાર ચંડાલ સ્ત્રી આદિ અધમયોનિઓમાં તથા દુઃખદાયી નારકી વિગેરે ભવોમાં અપાર કષ્ટો સહન કર્યાં તથા ઘોર સંસારમાં અનેકવાર રઝળ્યો, આ સર્વ દેવદ્રવ્ય વિનાશ કરવાથીજ ઉત્પન્ન થયેલ ફળ જાણવું. કારણ કે કહ્યું છે કેઃ—अन्यायात्स्वल्पदेवस्व भक्षणादपियद्यभूत्। शैवः श्रेष्ठी सप्तकृत्वः, श्वानो वै त्याज्यमेव तत्॥ અન્યાયથી જરા માત્ર પણ દેવદ્રવ્યનું ભક્ષણ કરવાથી શૈવ નામનો શેઠ સાતવાર કુતરાના ભવમાં ઉત્પન્ન થયો. માટે ખરેખર તે તજવા યોગ્ય છે. આ પ્રમાણે શ્રીમાન્ યુગંધરાચાર્યે નાભાક રાજા સન્મુખ તેના પૂર્વ ભવનું સર્વ વૃત્તાન્ત કહ્યું ત્યારે રાજાએ પ્રશ્ન કર્યો કે હે સ્વામિન્ ? એ શિવશેઠ કોણ હતો તથા કેવી રીતે કુતરાના ભવમાં ઉત્પન્ન થયો ?

તે સમસ્ત ચરિત્ર કૃપા કરી સવિસ્તર કહો. નાભાક રાજાએ આ પ્રમાણે પુછવાથી સદ્ગુરૂએ પણ તે ચરિત્રનું સ્વરુપ નિચે પ્રમાણે કહેવાનો આરંભ કર્યો:—

उत्सर्पण्यवसर्पिण्यो, भरतैरवतक्षितौ
प्रत्येकं किलजायन्ते, शलाकाः पुरुषाअमी ॥
चतुर्विंशतिरर्हन्तस्तथा द्वादशचाक्रिणः ।
विष्णुप्रतिविष्णुरामाः, प्रत्येकं नवसङ्ख्यया ॥

**ભાવાર્થ**—ભરત અને ઐરવત ક્ષેત્રમાં ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળમાં ચોવીશ તીર્થંકર, બાર ચક્રવર્તિ, નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ, નવ બલદેવ આ પ્રમાણે ત્રેસઠ શલાકા પુરૂષો ઉત્પન્ન થાય છે....એ ત્રેસઠ પુરૂષોમાં પ્રથમ **શ્રીરામ** નીતિપૂર્વક અને સર્વ પ્રજાવર્ગ તરફ કરૂણાદ્રષ્ટિથી રાજ્યનું પાલન કરતો હતો. રાજ્યપાલનની સુનીતિથી તેણે પોતાના આખા દેશમાં ન્યાયનો ડંકો વજડાવ્યો હતો તેમજ ઉજવલ યશ સંપાદન કર્યો હતો. એક દિવસ તેના રાજ્યમાં રાજમાર્ગ (જાહેર રસ્તા) પર એક કુતરો બેઠો હતો તેના પર એક બ્રાહ્મણના છોકરાએ કાંકરીઓ ફેંકવાથી અત્યંત ઘાયલ કર્યો, લોહીથી ખરડાયેલ તે કુતરો રાજાની સભામાં ગયો. રાજાએ તેને બોલાવીને રાજસભામાં આવવાનું કારણ પુછયું ત્યારે તેણે કહ્યું કે હું નિરપરાધી છતાં મને બ્રાહ્મણ

ના છોકરાએ કેમ માર માર્યો ? રાજાએ તેને મારનાર બ્રાહ્મણના છોકરાની તપાસ કરાવી સભામાં બોલાવ્યો અને કુતરાને કહ્યું કે આ તને મારનાર છે માટે તેને શું શિક્ષા કરવી ? કુતરાએ કહ્યું કે તેને માત્ર એટલીજ શિક્ષા કરવી કે અહીંના શિવના દેવાલયમાં તેની પુજારી તરીકે નિમણુંક કરવી. આ પ્રમાણે કુતરાએ કહેલ અસમંજસ વચન સાંભળી રાજાએ વિસ્મય થઈ પુછ્યું કે આ શું દંડ કહેવાય ? ત્યારે કુતરાએ પોતાનો સર્વ સવિસ્તર વૃત્તાન્ત રાજાને જણાવ્યો કે હું મારા આ શ્વાનના ભવથી સાત જન્મ પહેલાં હમેશાં શિવની પૂજા કરીને દેવદ્રવ્ય ભક્ષણ કરવાના દોષથી ડર પામી હાથ ધોઇને જમવા બેસતો હતો, હવે એક દિવસ એવો પ્રસંગ દૈવવશથી બન્યો કે દર્શન કરવા આવનાર લોકોએ નૈવેદ્ય તરીકે મૂકેલ ઘી હું કાઢતો હતો તે અવસરે ઘી થીજેલું હોવાથી કાઠિન્યપણાને લીધે મારા નખમાં ભરાઈ ગયું, ત્યારબાદ શિવના દહેરામાંથી નિકળી ઘેર આવી ભોજન કરવા બેઠો, ઉષ્ણભોજનથી તે નખમાંનુ ઘી ઓગળી ગયું. અને અજાણતાં જમતાં જમતાં તે પણ સાથે ખવાઇ ગયું. ફકત એટલુંજ દેવદ્રવ્યનું ભક્ષણ કરવા રૂપ દુષ્કર્મથી હું સાતવાર કુતરાના જન્મમાં અવતર્યો અને હે રાજન્ ? આ સાતમા ભવમાં મને જાતિસ્મરણ જ્ઞાન થયું છે. હમણાં તેના માહાત્મ્યથી મને માનુષીવાચા ઉત્પન્ન થવાથી આ બિના તમારી સમક્ષ યથાર્થ

કહી છે. (અત્રે જણાવવું જોઇએ કે જાતિ સ્મરણ જ્ઞાન એ એક મતિજ્ઞાનનોજ ભેદ છે. કર્મગ્રંથની ટીકામાં **શ્રી દેવેન્દ્ર સુરિશ્વરજી** મહારાજે કહ્યું છે કે:–'जातिस्मरणमपि समतिक्रान्तसङ्ख्यातभवावगमस्वरूपं मतिज्ञानभेद एव' જાતિસ્મરણ જ્ઞાન પણ પૂર્વે થઈ ગયેલ સંખ્યાત ભવોને જાણવા સ્વરૂપ મતિ જ્ઞાનનોજ ભેદ છે તેમજ આચારાંગ સૂત્રની ટીકામાં પણ કહ્યું છે કે:—'जातिस्मरणंत्वाभिनिबोधिकविशेषः' જાતિ સ્મરણ જ્ઞાન આભિનિબોધિક (મતિ જ્ઞાન વિશેષ છે.) આ પ્રસંગે બોલતા ગુરૂમહારાજના મુખથી નાભાકરાજે એ પૂર્વોક્ત દ્રષ્ટાંત સાંભળવાથી ગુરૂને નમસ્કાર કરીને કહ્યું કે આ કથાનક સાંભલવાથી મ્હારૂં હૃદય ઘણુંજ કંપાયમાન થાય છે ત્યારે ગુરૂએ કહ્યું કે જો એમ છે તો હુવે આગલ આ કથા તું સાંભલ કે જેથી દેવદ્રવ્ય વિનાશ કરવાથી કેવું ફલ પ્રાપ્ત થાય છે તેનું તને સમ્યક્ પ્રકારે જાણપણું થશે તથા તેનાથી તું સદાને માટે અલગ રહીશ. શ્રી શત્રુંજય પર્વતપર નિવાસ કરનાર નાગ શ્રેષ્ટિનો જીવ સાઠ હજાર વર્ષ વ્યંતરનું આયુષ્ય ભોગવીને મનુષ્ય ભવમાં કાંતીપુરી નગરીમાં રૂદ્રદત્ત કૌટુંબિકનો પુત્ર થયો તેનું નામ સોમ પાડવામાં આવ્યું તે પુત્ર જ્યારે પાંચ વર્ષની ઉમરનો થયો ત્યારે તેની માતા સર્પદંશ થવાથી મરણ પામી તે નગરમાં તેના ઘરની નજીક નાસ્તિકનામનો દેવનો પુજારી તરીકે રહેતો હતો. તે

પુજારીના પુત્રો સાથે સોમ પણ નિરાંતે દહેરામાં જવા લાગ્યો તથા પૂજા કરતાં બાકી રહેલ દેવદ્રવ્ય રૂપ ચંદનથી પોતાના આખા શરીરે વિલેપન કરી કોઇના દેખાવમાં ન આવે માટે ગળા સુધી વસ્ત્ર ઢાંકીને હમેશાં પુજારીના છોકરાઓ સાથે રઝળવા લાગ્યો. (બાલ્યાવસ્થામાંથીજ છોકરાઓ ઉપર જો માત-પિતા તરફથી અંકુશ રાખવામાં ન આવે તો અન્તે મહાન્ અનિષ્ટ તેમજ કુલને પણ ઉચ્છેદન કરનાર દારૂણ પરિણામો ભોગવવા પડે છે. તેના માટે સહેલો ઉપાય તો એજ છે કે માત-પિતાએજ બાલકને યોગ્ય સુસંસ્કાર એવા તો સચોટ પાડવા જોઈએ કે ભવિષ્યમાં પણ તેજ અસર રહી બાલકના જીવન ઉચ્ચ અને વિકાશમય થાય કારણ કે આપણામાં એક સાદી કહેવત છે કેઃ—'સોબત તેવી અસર' અને 'પુત્રના લક્ષણ પારણામાંથી જણાય' છોકરો ગમે તેવો હોય પણ તેને સારા મિત્રોની સોબતમાં રાખી સારા સંસ્કાર પાડવા તેની ફરજ ખાસ કરીને માબાપોનીજ છે અને પુત્ર જો બગડયો અથવા સુધર્યો તો માતપિતાનેજ હાનિકારક અથવા કીર્તિ વધારનાર થાય છે. માટે પ્રથમથીજ બાળકને સુધારવા માટે એવા સંસર્ગોમાં રાખવા કે જેથી અન્ય દુર્ગુણોને પ્રવેશ કરવાનું સ્થાનજ ન મલે. નીતિશાસ્ત્રકારોએ પણ હંમેશા સજ્જન પુરૂષોની સોબતમાં રહેવું શ્રેષ્ઠ માનેલું છે કહ્યું છે કેઃ—

संसार विषवृक्षस्य, द्वे एव रसवत्फले ।
काव्यामृतरसास्वादः, सङ्गश्च सुजनैस्सह ॥

સંસારરૂપી ઝેરી ઝાડના બેજ ફલો મધુર છે. ૧ કાવ્યોના અમૃતરસની મીઠાશ ૨ અને સજ્જન પુરૂષોનો સંસર્ગ. માણુસને જેવી સોબત હોય તેવો તે થાય છે. એક ગ્રંથકારે લખ્યું છે કે "તમારા મિત્ર કોણ છે અને કેવાં છે તે મને પહેલાં કહો ત્યારબાદ હું કહીશ કે તમે પોતે કેવા ગુણવાલા છો." આ કથન મુજબ મિત્રો કેટલી બધી સારી અસર કરે છે તે સ્વાભાવિક ખ્યાલમાં આવશે. આપણામાં ઉચ્ચ ગુણોનો વાસ કરવાને ઉત્તમ ગુણોવાલા પુરૂષોની સોબતજ ઘણી ઉપયોગી થઈ પડે છે તેને માટે કહ્યું છે કેઃ—

संतप्तायसि संस्थितस्य पयसो नामापि न ज्ञायते,
मुक्ताकारतया तदेव नलिनीपत्रस्थितं राजते ।
स्वात्यां सागरशुक्तिमध्यपतितं सन्मौक्तिकं जायते,
प्रायेणाधममध्यमोत्तमगुणः संसर्गतो जायते ॥

તપેલા લોઢાના સળીયાપર એક પાણીનું ટીપું પડે છે ત્યારે તેનું નામનિશાન પણ રહેતું નથી. તેજ ટીપું જ્યારે કમલના પાંદડાપર પડે છે ત્યારે મોતીના જેવું દેખાય છે. તેમજ સ્વાતિ નક્ષત્રમાં જ્યારે દરિયામાં ઉઘડેલાં મોં

વાળી છીપમાં પડે છે ત્યારે ખરેખરૂં મોતીજ થાય છે માટે ઘણું કરીને અધમ, મધ્યમ,ઉત્તમઅનેગુણો સોબતથીજ મલે છે. વળી કહ્યું છે કે

गुणवानिति प्रसिद्धिः संनिहितैरेव भवति गुणवद्भिः ।
रव्यातो न मधुजगत्यीप, सुमनोभिः सुरभिभिः सुरभिः॥
(हरिभद्रसूरिकृत धर्मबिन्दु)

સારા ગુણવાન્ પુરૂષોની પાસે રહેવાથીજ 'આ પણ ગુણવાન્ છે' એમ પ્રસિદ્ધિ થાય છે. વસંતરૂતુમાં સુરભિ (સુગંધિ–ખુશબોદાર) પુષ્પો થાય છે તેથીજ વસંતરૂતુને સુરભિ એવું નામ આપવામાં આવ્યું છે.

जाडयं धियो हरति सिञ्चति वाचि सत्यं,
मानोन्नतिं दिशति पापमपाकरोति ।
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं,
सत्सङ्गतिः कथय किं न करोति पुंसाम् ॥

સજ્જન પુરૂષોની સોબત બુદ્ધિની જડતાને દૂર કરે છે. સત્ય વચનનું સિંચન કરે છે. સત્કાર તેમજ ઉન્નતિ પ્રાપ્ત કરાવે છે, પાપને દૂર કરે છે, ચિત્ત પ્રસન્ન કરે છે. સર્વ દિશાઓમાં કીર્ત્તિનો ફેલાવો કરે છે. ઇત્યાદિક કયા કયા ગુણો સત્સંગ

તિથી થતા નથી ? અર્થાત્ સર્વ ગુણોને ઉત્પાદક સત્સંગતિજ છે. માટે બાલકને પણ માબાપોએ બચપણમાંથી સારા સંસ્કારોની યોજના કરવા પૂર્વક તેનું જીવન જેમ બને તેમ વિશુદ્ધ અને અન્ય જનોને આચરણીય થાય તેમ પ્રયત્ન કરવો. )

હવે જ્યારે સોમ યોગ્ય ઉમરનો થયો ત્યારે એક દિવસ શિવના દહેરામાંથી દેવકોશ ચોરીને નાસી ગયો તેને ચોર લોકોએ પકડીને પારસીક દેશમાં વેચ્યો ત્યાંથી પણ નાસીને સમુદ્ર ઉતરીને રસ્તામાં જતાં કોઇ એક ગામ આવ્યું. ગામમાં પેસતાંજ તેની સન્મુખ આવતા માસ-ઉપવાસવાલા એક મુનિને લાકડીના પ્રહારથી ઘણી તાડના કરીને ત્રણ વાર જમીનપર પાડવાથી તે મુનિ ત્યાંજ મરણ પામ્યા. મુનિને મારી સોમ ત્યાંથી નાસતો હતો તેટલામાં રસ્તામાં કોટવાલોએ પકડયો. પણ ત્યાંના દયાળુ શ્રાવકોએ કરૂણા લાવી છોડાવ્યો. ત્યાર બાદ ગામમાંથી નાસીને જંગલમાં જતો રહ્યો. અરણ્યમા મરણ પામીને સાતમી નારકીએ ગયો. કારણ કે ઘોર કૃત્ય કરનારાઓને અધમમાં અધમ એવી સાતમી નારકીનોજ ચાંદ મલે છે. કહ્યું છે કેઃ—

'ऋषिहत्या महा पापं तत्कालं स्यात्फलप्रदं' ।

મુનિની હત્યા કરવા રૂપ મહા પાપથી તેજ સમયે તેનું ફલ મલે છે..........

હવે તે સોમ સાતમી નારકીનું તેત્રીશ સાગરોપમ પ્રમાણે આયુષ્ય ભોગવીને ઘોર સંસારમાં ભ્રમણ કરીને હાલિક (ખેડુત)ને ત્યાં ઉત્પન્ન થયો. અને ઉંબર નામના ગામમાં કૌશિક ખેડુતના ઘેર રહી સર્વે ખેડુતોને જે કાંઇ કામ હોય તે કરે છે. એક દિવસ ભાત લઈને ખેતરમાં ગયો. રસ્તામાં માસોપવાસી એક મુનિ સન્મુખ આવતા મલ્યા. તે મુનિને અત્યંત ભક્તિ પૂર્વક પોતાની પાસે રહેલ ભાત વહોરવા વિજ્ઞપ્તિ કરી. તેને આ ખેડુતના ભવમાં મુનિને અન્ન વહોરાવવા રૂપ શુભ અધ્યવસાય ઉત્પન્ન થયો તેનું કારણ એજ કે તેણે પૂર્વ ભવમાં સમુદ્રપાલ રાજા દ્વારા દર વર્ષે બે યાત્રાનું ફલ મેલવ્યું હતું. અને તે પુણ્યના પ્રભાવથીજ આવા પ્રકારની શુભ વાસના તેને ઉત્પન્ન થઇ. કારણ કે પૂર્વ ભવમાં કરેલ શુભ અથવા અશુભ કાર્યો આ ભવમાં પણ શુભ-અશુભ ફલના કારણિક થાય છે. કહ્યું છે કેઃ—

मातङ्गपूगास्तुरगाश्च तुङ्गाः, रथाः समर्था विकटा भटौघाः।
बुद्धिः समृद्धिर्भुवने प्रसिद्धिः, पुण्यात्तनौ स्यादतुलं बलंच॥

આ જગતમાં મનુષ્યોને હસ્તિઓના સમૂહ, ઉંચા અને મનોહર અશ્વો, મજબુત રથો, વિકટ સુભટોનો

સમુદાય, રૂડી બુદ્ધિ, ઘણી સમૃદ્ધિ, ત્રણ ભુવનમાં પ્રસિદ્ધિ, શરીરમાં અતુલ બલ એ સર્વ પૂર્વકૃત પુણ્યથીજં પ્રાપ્ત થાય છે........ત્યાર બાદ તે મુનિએ કહ્યું કે આ ભોજન તું ખેતરમાં ભોજન કરનારાઓ માટે લઈ જાય છે માટે મ્હારે તેનો અંતરાય થાય તેથી તે કલ્પે નહિં. આ પ્રમાણે મુનિએ જયારે આહાર લેવાની અનિચ્છા દર્શાવી ત્યારે તેણે જણાવ્યું કે આજે હું પોતે ઉપવાસ કરીને પણ મારા ભાગનું ભોજન આપને વહોરાવીશ માટે જલદી મારા પર કૃપાદૃષ્ટિ કરી આ ભાત ગ્રહણ કરો. એમ કહેવાથી મુનિએ તે અન્ન લીધું. ત્યારબાદ તે દિવસે ખેડુતે ઉપવાસ કરી મુનિની પાસે પ્રાણીવધના પચ્ચખ્ખાણ કરીને 'ખરેખર આજે મેં શુદ્ધ ચારિત્રધારી મુનિને અન્નદાન કરી મોટું રાજ્ય મેળવ્યું છે' એમ પોતાના આત્માને માનવા લાગ્યો. એવી રીતે ભદ્રક પરિણામી તે ખેડુત મરણ પામીને ચિત્રકૂટ પર્વતપર રહેલ ચિત્રપુરી નગરીમાં રાજા થયો. તેનું નામ ચંદ્રાદિત્ય રાખવામાં આવ્યું. તેના હૃદયમાં બાલ્યાવસ્થાથીજ ઉત્તમ દયાગુણે વાસ કર્યો હતો તેમજ નિરંતર પુણ્યકારી કાર્યમાંજ તત્પર રહેતો હતો, શારીરિક બળ પણ ઘણુંજ દૃઢ તેમજ નિરોગી હતો. શારીરિક સૌંદર્યતા તથા લાવણ્યતા એટલી બધી સુશોભિત હતી કે જાણે રૂપમાં કામદેવ પણ તેનાથી પરાભવ પામે. એક દિવસ તેના આખા શરીરે

પગથી માંડીને ગળા સુધી દુષ્ટ કોઢ રોગ ઉદ્ભવ પામ્યો તેથી સદૈવ ગળા સુધી વસ્ત્રથી આચ્છાદિત થઈને રહે છે (અત્રે વિચાર કરવાનો છે કે પૂર્વે કરેલ પાપ પણ તદનુસારજ ફલ આપે છે. (આ રાજાએ પૂર્વે સોમના ભવમાં દેવદ્રવ્યરૂપ ચંદનથી આખા શરીરે વિલેપન કર્યું હતું અને તે આગળ કહેવાઈ ગયું છે.) તદનુસાર આ ભવમાં પણ સર્વ શરીરે કોઢ ઉત્પન્ન થયો છે. (પૂર્વકૃત કર્મના ઉદયથીજ મનુષ્યો સુખ દુઃખ પામે છે એવી રીતે કર્મની સિદ્ધિ લગભગ કોઈક નાસ્તિક મતવાલા સિવાય દરેક મતને માનનારાઓ અંગીકાર કરે છે. યદ્યપિ દરેક ધર્મના શાસ્ત્રોમા કર્મનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે. તથાપિ જૈન દર્શનમાં કર્મનું સ્વરૂપ એવી ખુબીથી અને યુક્તિ-પ્રયુક્તિથી સર્વ કરતાં શ્રેષ્ઠ દર્શાવ્યું છે કે ગમે તેવો નાસ્તિક હોય તોપણ તેને એક વખત તો કર્મ છે એમ માનવુંજ પડશે. મતલબ કે જૈન શાસ્ત્રમાં વર્ણવેલ કર્મનું સ્વરૂપ ઘણુંજ બારીક તેમજ સર્વોત્તમ છે. અન્ય શાસ્ત્રોમાં તેવું સ્વરૂપ પ્રાયઃ મલશે નહિ કર્મગ્રંથની સ્વોપજ્ઞ ટીકાના રચનાર શ્રીમાન્ દેવેંદ્ર સૂરિશ્વરજીએ જણાવ્યું છે કેઃ—

क्ष्माभृद्रंककयोर्मनीषिजडयोः सद्रूपनीरूपयोः,

श्रीमद्दुर्गतयोर्बलाबलवतोर्नीरोगरोगार्त्तयोः।

सौभाग्यासुभगत्वसङ्गमजुषोस्तुल्येऽपि नृत्वेऽन्तरं,
यत्तत्कर्मनिबन्धनं तदपि नो जीवं विना युक्तिमत् ॥

તાત્પર્ય—રાજા અને રંક, બુદ્ધિમાન ને જડ, સારા રૂપવાળો અને રૂપ વિનાનો, ધનવાનને ગરીબ, બલવાન ને નિર્બલ, નિરોગી ને રોગથી પીડાએલ, સૌભાગ્યશાળીને સૌભાગ્ય રહિત આ સર્વે પુરૂષોમાં જોકે મનુષ્યપણું સરખું છે તો પણ જે આટલો બધો ફરક છે તેનું કારણ કર્મબંધનજ છે અને તે કર્મબંધન જીવ વિના ઘટતુંજ નથી. પૌરાણિક પુરૂષો પણ કર્મસિદ્ધિ પ્રતિપાદન આ પ્રમાણે કરે છેઃ—

यथा यथा पूर्वकृतस्य कर्मणः, फलं निधानस्थमिवावातिष्ठति ।
तथा तथा तत्प्रतिपादनोद्यता, प्रदीपहस्तेव मतिः प्रवर्तते ॥ १ ॥

જેમ જેમ પૂર્વે કરેલ કર્મનું ફળ દાટેલા નિધાનની માફક રહે છે, તેમ તેમ તેને પ્રતિપાદન કરવામાં ઉદ્યત એવી બુદ્ધિ પ્રવર્તે છે. તેમજ વળી તેઓએ કહ્યું છે કેઃ—

यत्तत्पुराकृत कर्म, न स्मरन्तीह मानवाः ।
तदिदं पाण्डवज्येष्ठ, दैवमित्यभिधीयते ॥ १ ॥

मुदितान्यपि मित्राणि, सुक्रुद्धाश्चैव शत्रवः ॥
नहीमे तत्करिष्यन्ति, यन्न पूर्वकृतं त्वया ॥ २ ॥

હે યુધિષ્ઠિર ! મનુષ્યો જે પૂર્વે કરેલ કર્મોનું સ્મરણ કરતા નથી તેને દૈવ એમ કહેવાય છે. અર્થાત્ આ દૈવે (નશિબે) કર્યું એમ લોકો કહે છે.

પોતાની ઉપર હર્ષિત થયેલ મિત્રો, અને ક્રોધાયમાન થયેલ શત્રુઓ તે તેવું કામ નહીં કરે કે જેવું તેં પૂર્વે કરેલું છે.

બૌદ્ધધર્મવાળાઓ પણ કહે છે કેઃ—

इत एकनवतौ कल्पे, शक्त्या मे पुरुषो हतः ।

तेन कर्मविपाकेन, पादे विद्धोऽस्मि भिक्षवः ॥

કોઇએક બૌદ્ધ સાધુઓનો આગેવાન પોતાના શિષ્યોને ઉપદેશ કરે છે કે અહિંથી એકાણુમા કલ્પમાં મ્હારી શક્તિથી મેં એક પુરૂષને મારી નાંખ્યો તે કર્મના વિપાકથી હું પગે વિંધાયો છું.)

હવે અત્યંત દુષ્ટબુદ્ધિવાળો એવો તે રાજા એક દિવસ પાપરૂપ રિદ્ધીના કારણભૂત શિકાર કરવા માટે વનમાં ગયો તે વનમાં એક સુકોમલ હરણને જોઈ તેની પાછળ પોતાનો ઘોડો દોડાવતો હતો. તેવામાં એક મુનિ કાઉસગ્ગ ધ્યાને રહ્યા હતા તેને પુછયું કે અહિંથી હરણ કઈ દિશામાં ગયું ? મુનિએ કાઉસગ્ગમાં હોવાથી કાંઇપણ પ્રત્યુત્તર આપ્યો નહીં

ત્યારે રાજાએ તેને હણવાની ઈચ્છાથી તે મુનિની સન્મુખ બાણુ ધર્યું. મુનિએ કાયોત્સર્ગ પાલીને અતીવ ગંભીર સ્વરે કહ્યું કે હજી સુધી પૂર્વના બાંધેલા કર્મથી તો છુટતો નથી અને નવા કર્મો કેમ બાંધે છે. મુનિની આવા પ્રકારની ગૂઢ અર્થવાલી વાણી સાંભળવાથી તે રાજાએ મુનિને નમસ્કાર કરીને પ્રાચ્યકર્મ તથા નવિન કર્મ સંબંધી સર્વ બિના પુછી, મુનિએ પણ જણાવ્યું કે મેં અયોધ્યા નગરીમાં કેવલી ભગવાનના મુખથી દેવદ્રવ્ય વિનાશ કરનાર એવા તારા પુર્વ ભવનું સંપુર્ણ સ્વરૂપ પર્ષદામાં સાંભળ્યું અને તું મારાથીજ પ્રતિબોધ પામીશ એમ જાણીને આ વનમાં હું કાઉસગ ધ્યાને રહ્યો છું. રાજાએ પોતાના પૂર્વભવનો સબંધ પુછયો ત્યારે શાન્ત મુદ્રાધારી તેમજ પરોપકારમાંજ નિરન્તર પરાયણ મુનિએ નાગ ગોષ્ટિકની કથા શરૂઆતથીજ આરંભી અન્ત સુધી કહી અને વિશેષમાં જણાવ્યું કે તેં પૂર્વે હાલિકના ભવમાં મુનિને શુદ્ધદાનથી પ્રતિલાભ્યા તેના પ્રભાવથી આ ભવમાં તને આ શ્રેષ્ટ રાજ્યસુખ પ્રાપ્ત થયું છે અને દયા ગુણથી ઉત્તમ રૂપ મલ્યું છે પણ દેવદ્રવ્ય રૂપ ચંદનનું તેં તારા શરીરે વિલેપન કર્યું હતું તેથી આ ભવમાં તું કુષ્ટ રોગથી વ્યાપ્ત થયો છે. મુનિના મુખથી પોતાનો પૂર્વ ભવ સાંભલીને રાજાએ ભવભીરૂ થયોછતો મુનિના ચરણકમલમાં પડીને ગદ્ગદ વાણી પૂર્વક કહ્યું કે હે મુનિરાજ ? મને આ મહાન

પાપરાશિથી શીઘ્ર છોડાવો. મુનિએ પંચપરમેષ્ઠિ રૂપ મહા-મંત્રનો રાજાને ઉપદેશ કર્યો અને તેનો અર્થ, પ્રભાવ, તથા વિધિ સર્વ સારી રીતે સમજાવ્યા તેમજ દેવદ્રવ્ય ભક્ષણનું પ્રાયશ્ચિત્ત પણ જણાવ્યું કે:—

देवस्वपातकाद्देव–प्रासादस्य विधापनात् ।
मुच्यते जन्तुरित्याख्यत्, प्रायश्चित्तं च शास्त्रवित् ॥

દેવદ્રવ્યનો વિનાશ કરવાથી જે માણસ નવિન દહેરાસર બંધાવે તો તેના પાપથી મુક્ત થાય છે. આ પ્રમાણે શાસ્ત્રકારોએ તેનું પાયશ્ચિત્ત જણાવેલું છે, ત્યાર બાદ મુનિને અત્યંત આગ્રહ કરી રાજાએ પોતાના નગરમાં રાખ્યા તેમજ તેઓશ્રીએ ઉપદેશ કરેલ મહામંત્રનું સ્મરણ પણ નિરંતર શરૂ કર્યું. છમાસે રાજાનું શરીર સુવર્ણકાંતિ સદૃશ થઇ ગયું. તેમજ રાજ્યમાં પણ હાથી, ઘોડા, ભંડાર આદિમાં વૃદ્ધિ થઈ. ત્યાર બાદ ચંદ્રાદિત્ય રાજાએ ચિત્રકૂટ પર્વતના શિખર ઉપર પરમાત્માનું દેવાલય બંધાવવાની શરૂઆત કરી. એક દિવસ મુનિપતિ સન્મુખ રાજા બેઠો છે તેવામાં એક કુંભારે આવીને પોતાના ખર (ગધેડાને) દેખાડીને રાજાને પૂછ્યું કે હે રાજન્! આ ગધેડો નિરંતર આ પર્વતના શિખર ઉપર પોતાની મેળે ચડે છે તેનું શું

કારણ હશે ? રાજાએ પણ આ વાત સાંભળી આશ્ચર્યચકિત બન્યોછતો આ વૃત્તાન્ત મુનિને પુછતો હતો તે દરમ્યાન તેજ કેવળી ભગવાન કે જેણે રાજાનો પુર્વ-ભવનો સર્વ વૃત્તાન્ત કહ્યો હતો તે ભગવાનનગરમા પધાર્યા તે સાંભલીને રાજા પણ કુંભાર સહિત કેવલી ભગવાનને નમન કરવા માટે ગયો. નમન કરીને ખરનું સ્વરૂપ પુછયું ત્યારે કેવળી ભગવાને સમુદ્ર તથા સિંહનું સમસ્ત વૃત્તાન્ત આદિથી અંત સુધીનું કહ્યું અને જણાવ્યું કે દેવદ્રવ્યનું ભક્ષણ કરી સંસારમાં તીવ્ર વેદનાઓ ભોગવી આજ નગરમાં અલ્પકર્મપણાથી છવાર ગધેડો થયો ત્યાર બાદ સાતમા ભવમાં તેઇંદ્રિય થઈ પાછો છવાર આજ શહેરમાં ગધેડો થયો. એણે બાર હજાર સોનૈયા દેવદ્રવ્ય તરીકેનો વિનાશ કર્યો માટે તે આવા નીચ ભવમાં ઉત્પન્ન થયો. દરેક જન્મમાં આ પર્વતના શિખર પર ચડવાની નીચ ભવમાં પ્રેકટીસ પડી જવાથી આ ભવમાં પણ સ્વયમેવ ચડી શકે છે આ પ્રમાણે રાજાએ ખર વૃત્તાન્ત શ્રવણ કરી તે ગધેડાની સારવાર કરવા માટે કુંભારને કેટલુંક દ્રવ્ય આપી તેનું સારી રીતે પાલન કરવા હુકમ કર્યો કુંભારે પણ તેનું સારી રીતે પાલન કર્યું. તદનંતર ભદ્ર પરિણામી ગધેડો મરણ પામીને મુરસ્થલ ગામમાં ભાનુ નામનો ગ્રામણિ (પટેલ) થયો અને

ત્યાં પણ પાપથી ભરપુર કર્મો વડે પોતાની આજીવિકા ચલાવવા લાગ્યો. એક દિવસ શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરી કોઈ બ્રાહ્મણ પત્ની-પુત્ર સહિત તે ગામમાં રાત્રે આવ્યો. ત્યાં પોતાના ભકતોએ આપેલ ગાયને લઇને રાત્રીના ચતુર્થ પ્રહરને વિષે પોતાના ગામ તરફ જવા પ્રયાણ કર્યું તેવામાં દુષ્ટ ભાનુએ તેને પત્ની તથા પુત્ર સહિત મારી નાંખ્યો, ત્યારબાદ મહારૌદ્ર અધ્યવસાયી ભાનુ નાસીને ગંગા કાંઠે ગયો. ત્યાં શીયાળાની ઠંડી રૂતુમાં એક કાયોત્સર્ગસ્થ મુનિને જોઈને વિચાર કર્યો કે અહો ? આ મુનિ કેટલોક વખત આવા પ્રકારનું કષ્ટ સહન કરશે એમ આશ્ચર્યયુક્ત બન્યો છતો ત્યાંજ રાત્રિના ચાર પહોર પર્યંત રહ્યો, પ્રાતઃસમયે મુનિએ કાઉસગ્ગ પાર્યો ત્યારે ભાનુએ નમસ્કાર કરીને પુછયું કે તમારે કયું મોટું રાજય મેળવવું છે ? કે જેથી આવી ઘોર અને અસહ્ય તપશ્ચર્યા કરો છો ? મુનિએ જવાબ આપ્યો કે નર્કગતિ પ્રાપ્ત થવાના કારણભૂત રાજ્યથી કાંઈ પણ ફળ નથી કિન્તુ સર્વે સાધુઓ મોક્ષરૂપ રાજય મેળવવા તપશ્ચર્યા કરે છે. ભાનુએ કહ્યું કે મોક્ષ એટલે શું ? ત્યારે મુનિએ તેને સંસાર અને મોક્ષનું સ્પષ્ટ સ્વરૂપ ઘણીજ યુક્તિપુર્વક સમજાવ્યું તેમજ જણાવ્યું કે જન્મ, જરા-મૃત્યુ વડે ગહન તેમજ અનેક દુઃખોથી ભરપુર દેવતા-નારકી-તિર્યંચ-મનુષ્ય

અતિરૂપ સંસારથી કયા પુરૂષને વૈરાગ્ય ન થાય? નિરંતર ટકનારૂં અને અનંત અવ્યાબાધ સુખના કારણભૂત એવા ઉત્તમ મોક્ષ સુખની ઈંદ્રો પણ પોતાના સ્વર્ગ સુખનો અનાદર કરીને યાચના કરે છે, માટે દરેક મનુષ્યોએ ઉચ્ચપદ મોક્ષના અધિકારી બનવા સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રાદિનું નિરંતર સેવન કરવું જોઇએ.

કારણ કે કહ્યું છે કે જે જન્મે છે તે વૃદ્ધ થાય છે અને તેને મરણનો ભય રહે છે પણ જેને જન્મ નથી તેને વૃદ્ધાવસ્થા નથી તેમજ મરણ પણ નથી જ્યાં સુધી જન્મ હોય છે ત્યાં સુધી મરણ તો નિશ્ચયે કરીને હોયજ છે માટે એવા ઉપાયો યોજવા જોઇએ કે જેથી ફરી જન્મ લેવો પડેજ નહિં કહ્યું છે કેઃ—

मृत्योर्बिभेषि किं बाल, स च भीतं न मुञ्चति ।
अजातं नैव गृह्णाति, कुरु यत्नमजन्मनि ॥

હે બાલક ! તું મૃત્યુથી શા માટે ડરે છે? જે બીએ છે તેને મરણ છોડતું નથી. જે જન્મેલો નથી તેને મરણ પકડતું નથી માટે ફરીથી જન્મ લેવો પડે નહિં તેવો પ્રયત્ન તું કર. વલી સિદ્ધના જીવોને ભૂખ, તરસ, રોગ વિગેરે ઉપદ્રવો હોતાજ નથી કારણ કે એ બધા શરીરના ધર્મો છે. ધર્મબિંદુમાં હરિભદ્ર સૂરિશ્વરજી મહારાજે કહ્યું છે કેઃ—' तथा न चान्य उपद्रव इति ' કોઇને એમ શંકા થાય કે અહીના જેવું ખાવા પીવાનું મોજ–મજા

ભોગવવાનું તેમજ રમણીય સ્ત્રીઓ સાથેના વિલાસ સુખોમાં રાચવાનું વિગેરે ત્યાં હોય કે નહિં તેના પ્રત્યુત્તરમાં સૂરિશ્વરજી મહારાજજીએ કહ્યું છે કેઃ—' **विशुद्धस्वरुपलाभ ' इति ।** આત્માના શુદ્ધ સ્વરૂપને તે અનુભવે છે, સર્વ પદાર્થોનો જ્ઞાતા બને છે, અને આત્મિક આનંદ ભોગવે છે; મોજમજાકે વિષયસુખો વિગેરે ઉપર જણાવી ગયા પ્રમાણે પૌદ્‌ગલિક સુખ ત્યાં હોતુંજ નથી કારણ કે શરીર કે મન ત્યાં હોતુંજ નથી. તથા શ્રીમાન્ શાંતિ સૂરિશ્વરજી મહારાજજીએ કહ્યું છે કેઃ—

**सिद्धाणं नत्थि देहो, न आउकम्मं न पाणजोणीओ ।**
**साइ अणंता तेसिं, ठिइ जिणंदागमे भणिया ।।**

સિદ્ધના જીવોને શરીર નથી, શરીર હોય તોજ આયુષ્ય હોય માટે આયુષ્ય પણ નથી. આયુષ્ય જયારે નથી ત્યારે કર્મ પણ નથી કર્મ હોય તોજ પ્રાણ હોય માટે પ્રાણ નથી પણ તેઓની સાદી અનંત સ્થિતિજીનેશ્વર પ્રભુના સિદ્ધાંતમાં કહેલી છે. તેઓને આ સર્વે સ્થિતિ કેમ નથી એવી કોઇને સ્વાભાવિક શંકા થાય તેને માટે ધર્મબિંદુ ગ્રંથમાં લખેલું છે કેઃ—' **समाप्तकार्यत्वादिति** ' પોતાને જે મેલવવા યોગ્ય હતું તે તેઓએ સાધ્ય કર્યું છે માટે તેઓને હવે કાંઇપણ આવી પ્રવૃત્તિમાં પડવાનું કારણ રહ્યું નથી. આથીજ મોક્ષાર્થીજનોએ મોક્ષ મેલવવા ઉદ્યમશીલ બનવું એમ સત્યના ગ્રાહક માટે કથનની જરૂર નથી. કહ્યું છે કેઃ—

प्राप्ताः श्रियः सकलकामदुघास्ततः किम्, दत्तं पदं शिरसि विद्विषतां ततः किं संपूरिता प्रणयिनो विभवैस्ततः किम्, कल्पं भृतं तनुभृतां तनुभिस्ततः किं ॥ तस्मादनन्तमजरं परमं प्रकाशम्, तच्चित्त चिन्तय किमेभिरसद्विकल्पैः । यस्यानुषङ्गिण इमे भुवनाधिपत्य, योगादयः कृपणजन्तुमतो भवन्ति ॥

**તાત્પર્ય**—સર્વ ઇચ્છિત વસ્તુને આપનાર લક્ષ્મી મલી તોપણ શું થયું ? શત્રુઓના માથાપર પગ મૂક્યો તોપણ શું થયું ? વૈભવથી સ્નેહી જનોને સંતોષિત કર્યા તેથી શું થયું ? તેમજ કલ્પાન્ત કાલ સુધી માણસોનું શરીર ટકી રહ્યું તો તેથી શું થયું ? અર્થાત્ આ સર્વ મલ્યું હોય પણ જ્યાં સુધી શાશ્વત સુખને આપનારી મુક્ત દશા પ્રાપ્ત ન થઈ હોય તો આ સર્વ મલ્યું તે ન મલ્યા બરોબરજ જાણવું. કારણ કે આ વસ્તુથી ઉત્પન્ન થતું સુખ નાશવંત તેમજ દુઃખગર્ભિત છે. જેને પામર જીવો ઘણી મહત્ત્વતા માને છે તેવી ચક્રવર્તિપણાની, અથવા દેવેન્દ્રપણાની પ્રાપ્તિ જેના પછાડી ચાલી આવે છે તે અંત વિનાના, જરા રહિત, પરમ પ્રકાશરૂપ મોક્ષ સુખનો હે ચિત્ત ? તું વિચાર કર, કારણ કે ઉપર કહેલ અછતા વિકલ્પો કરવાથી શું વળવાનું છે. જેમ હાથીના પગલામાં સઘળાં પગલાંનો સમાવેશ થાય છે :તેમ મોક્ષના સુખમાં બીજાં સર્વે સાંસારિક સુખો સમાઇ જાય છે. માટે તે પ્રાપ્ત કરવા યોગ્ય સાધનનો આશ્રય કરવો. આવા પ્રકારનું મોક્ષ સુખ પ્રાયઃ-સુકૃત કર્મવાલા

જીવોજ પ્રાપ્ત કરે છે તેમાં પણ સર્વજ્ઞોએ પ્રથમ સર્વ જીવોપર કરૂણાભાવ રાખવો એમ કહ્યું છે. કારણ કે સર્વે મનુષ્યોનો આત્મા એક સરખોજ હોય છે અને તે માટેજ કલિકાલ સર્વજ્ઞ શ્રીમાન્ હેમચન્દ્રાચાર્યજી મહારાજે યોગશાસ્ત્રમાં જણાવ્યું છે કે:—

आत्मवत्सर्व भूतेषु, सुखदुःखे प्रियाप्रिये;
चिन्तयन्नात्मनोऽनिष्टां, हिंसामन्यस्य नाचरेत् ॥

**તાત્પર્ય**—જેમ પોતાને સુખ પ્રિય અને દુઃખ અપ્રિય છે તેવીજ રીતે તમામ પ્રાણિઓને પણ સુખપ્રિય ને દુઃખ અપ્રિય છે. એવો વિચાર કરી દરેક મનુષ્યોએ પોતાને અનિષ્ટ ઉપજાવનાર એવી બીજાની હિંસા નહિં કરવી જોઇએ. અત્રે પ્રસંગોપાત જણાવવાનું કે અન્ય શાસ્ત્રકારોએ જ્યારે '**आत्मवत्सर्वभूतेषु, यः पश्यति स पश्यति**' પોતાની માફક તમામ પ્રાણીઓપર જે મનુષ્ય દ્રષ્ટિ રાખે છે તેજ જુએ છે. એવી સંકોચિત દ્રષ્ટિથી હિંસાનો અર્થ કર્યો છે; ત્યારે જૈન શાસ્ત્રકારોએ તેથી પણ આગલ વધીને વિશાલ અર્થ બતાવ્યો છે કે:—'**आत्मवत्सर्वभूतेषु, सुखदुःखे प्रियाप्रिये**' પોતાને જેમ સુખ વહાલું અને દુઃખ અપ્રિય છે તેવી દ્રષ્ટિ તમામ જીવોપર રાખવી. વલી હિંસા કરનારને કુતરાની ઉપમા દર્શાવી શાસ્ત્રકારોએ તેને તદ્દન અધમ માનેલ છે કહ્યું છે કે:—

वने निरपराधानां, वायुतोयतृणाशिनाम् ।
निघ्नन् मृगाणां मांसार्थी, विशेष्येत कथंशुन ? ॥

વનમાં રહેલા વાયુ, પાણીને ઘાસ ખાનાર અપરાધ વિનાના હરણિયાઓ જેવાને મારનાર માંસનો લોભી માણુસ કુતરાથી વિશેષ કેમ કહી શકાય ? અર્થાત્ તેવાને કુતરા બરોબર જાણવો.

**म्रियस्वेत्युच्यमानोऽपि, देही भवति दुःखितः ।**

**मार्यमाणः प्रहरणैः, दारुणैः स कथं भवेत् ॥**

તું મરીજા એમ કહેવાથી પણ પ્રાણી દુઃખી થાય છે તો તો પછી ભયંકર શસ્ત્રોથી મારતા તેને કેમ દુઃખ ન થાય ? જીવહિંસા કરવાથી શું ફલ ભોગવવું પડે છે તે માટે ગ્રન્થકારે આગલજ દર્શાવ્યું છે કેઃ—

**श्रूयते प्राणिघातेन, रौद्रध्यानपरायणौ ।**

**सुभूमो ब्रह्मदत्तश्च, सप्तमं नरकं ययौ ॥**

પ્રાણીને મારવાથી સુભૂમ અને બ્રહ્મદત્ત ચક્રવર્તિઓ રૌદ્ર ધ્યાનમાં તત્પર થઈ સાતમી નરકે ગયા એમ સંભળાય છે. સર્વ શાસ્ત્રકારોએ હિંસાને અધમ માનેલી છે તેમજ સર્વોત્કૃષ્ટ દયા ધર્મ માનેલો છે. દરેક હિંદુઓને માનનીય મનુસ્મૃતિમાં કહ્યું છે કેઃ—

**योऽहिंसकानि भूतानि, हिनस्त्यात्मसुखेच्छया ।**

**स जीवँश्चमृतश्चैव, न क्वचित् सुखमेधते ॥ ४५ ॥**

(મનુસ્મૃતિ અધ્યાય પાંચમો શ્લોક. ૪૫)

જે મનુષ્ય પોતાના સુખની ઈચ્છાથી નિરપરાધી જીવોને મારે છે, તે જીવતાં છતાં મરેલા સરખોજ જાણવો કારણ કે તેને કયાંય પણ સુખ મલતું નથી. વળી આગળ જણાવ્યું છે કેઃ—

**यद् ध्यायति यत् कुरुते, धृति बध्नाति यत्र च ।**

**तदवाप्नोत्ययत्नेन, यो हिनस्ति न किञ्चन ॥४६॥**

જે પુરૂષ દંશ મચ્છરાદિક સૂક્ષ્મ અથવા મોટા જીવોને મારતો નથી તે પુરૂષ જેતું ધ્યાન કરે, જે કાર્ય કરે, અથવા જેમાં ધીરજ ધરે તે સર્વ ઇચ્છિત વસ્તુ અનાયાસે પ્રાપ્ત કરે છે. પોતાની જીભની ક્ષણવાર તૃપ્તિ કરવા કેટલાએક દેવ-દેવીના ભકતો ભોળા લોકોને ભરમાવીને નાહક યજ્ઞાદિકમાં પશુઓનો નાશ કરાવી માંસ પોતે ખાય છે દેવતાઓને માંસાહાર કરવાનો સ્વભાવજ નથી કારણકે દાખલા તરીકે દશ-વીશ બકરાઓને દેવમંદિરમાં રાત્રીએ રાખી મંદિરની ચારે બાજુ રક્ષણાર્થે પહેરો મુકી સવારે મંદિર ઉઘાડીને જોઇએ તો જેટલા બકરાઓ ગણીને રાખ્યા હશે તેમાંથી એક પણ ઓછું થશે નહીં.

વળી મનુએ મનુસ્મૃતિ ગ્રંથમાં પ્રાણી વધ કરવાથી સ્વર્ગ મલે છે એવી મન્તવ્યતા ધરાવનારાઓ માટે સ્પષ્ટ રીતે લખ્યું છે કેઃ-

**नाऽकृत्वा प्राणिनां हिंसां, मांसमुत्पद्यते क्वचित् ।**

**न च प्राणिवधः स्वर्ग्य, स्तस्मान्मांसं विवर्जयेत् ॥४८॥**

**समुत्पत्तिं च मांसस्य, वधबन्धौ च देहिनाम् ।**

**प्रसमीक्ष्य निवर्तेत, सर्वमांसस्य भक्षणात् ॥४९॥**

પ્રાણીની હિંસા કર્યા વિના કદી માંસ ઉત્પન્ન થતું નથી, તેમજ પ્રાણિવધ સ્વર્ગસુખ આપનાર નથી માટે માંસ ભક્ષણ

સર્વથા ત્યાગ કરવુંજ યોગ્ય છે. માંસની ઉત્પત્તિ તેમજ પ્રાણીઓના વધ, બન્ધનને દેખી સર્વ પ્રકારના માંસ ભક્ષણથી મનુષ્યે નિવૃત્ત થવું જોઇએ.

આ શ્લોક ઉપરથી વિધિપૂર્વક માંસ ખાવાથી દોષ નહિં માનવાવાલાઓને પક્ષ તદ્દન નિર્બળ બને છે. જો આ શ્લોકોને કલ્પિત માનવામાં આવે તો માંસ ભક્ષણથી સ્વર્ગ મલે છે એવું કથન પણ કલ્પિત કેમ ન કહેવાય ? વળી એજ અધ્યાયમાં કહ્યું છે કેઃ-

"वर्षे वर्षेऽश्वमेधेन, यो यजेत शतं समाः ।
मांसानि च न खादेद्, यस्तयोः पुण्यफलं समम्." ॥५३॥
"फलमूलाशनैर्मेध्यै, र्मुन्यन्नानां च भोजनैः ।
न तत्फलमवाप्नोति, यन्मांसपरिवर्जनात्" ॥५४॥
"मां स भक्षयिताऽमुत्र, यस्य मांसमिहाद्म्यहम् ।
एतन्मांसस्य मांसत्वं, प्रवदन्ति मनीषिणः" ॥५५॥

તાત્પર્ય—એક પુરૂષ દરેક વર્ષે અશ્વમેધ યજ્ઞ કરી સો વર્ષ સુધી યજ્ઞ કરે અને એક પુરૂષ બિલકુલ માંસ ખાયજ નહિં તો તે બન્નેને સરખુંજ ફ્લ મલે છે. જે ફલ પવિત્ર ફલમૂળાદિ તેમજ નીવારાદિ ભોજન કરવાથી નથી મળતું તે ફક્ત માંસાહારનો ત્યાગ કરવાથી મલે છે. જે પ્રાણીનું માંસ હું આ લોકમાં ખાઉં છું તે મને પણ પરલોકમાં અવશ્ય ખાશે. આ પ્રમાણે માંસ શબ્દનો અર્થ બુદ્ધિમન્તોએ કહેલ છે. મહાભારત શાન્તિપર્વના પ્રથમ પાદમાં કહ્યું છે કેઃ—

"सर्वे वेदा न तत् कुर्युः, सर्वे यज्ञाश्च भारत ? ।
सर्वे तीर्थाभिषेकाश्च, यत्कुर्यात् प्राणिनांदया" ॥

હે અર્જુન ? પ્રાણી ઉપરની દયા જે ફલ આપે છે તે ફલ યજુર્વેદાદિ ચાર વેદ, સર્વે યજ્ઞો, સર્વ તીર્થમાં સ્નાન, વંદન વિગેરે આપી શકતા નથી. કોઇક સ્થળે યજ્ઞ માટે એક બકરાને બાંધ્યો હતો. તે પોતાના દુઃખથી દુઃખી થઇ બેં બેં કરી મોટી ચીસો પાડતો હતો તેને જોઇને ઘણા કવિઓએ પોતાનો જુદો જુદો મત બતાવ્યો. કોઇ કવિએ એમ કહ્યું કે 'આ બકરો એમ કહે છે કે મને જલદી મારીને સ્વર્ગમાં મોકલાવો.' બીજા એ કહ્યું કે આ બકરો કહે છે કે—'જેણે તૃણ (ઘાસ) ભોજન છોડાવી મને અમૃતાહારનો ભાગીદાર કર્યો તે રાજાનું કલ્યાણ થાઓ.' ત્રીજા કવિએ કહ્યું કે—આ બકરો વેદધર્મને ધન્યવાદ આપે છે કે-'જો વૈદિક ધર્મ નહિં હોત તો અમારા જેવા અજ્ઞાની પશુઓને મારીને સ્વર્ગે કોણ પહોંચાડત ?' આ પ્રમાણે પંડીતો પરસ્પર વાદવિવાદ કરતા હતા તેવામાં કોઇ એક દયાવંત પરોપકારી પુરૂષે કહ્યું કે આ બકરો યજ્ઞ કરનારાઓને વિનંતિ કરે છે કેઃ—

"नाहं स्वर्गफलोपभोगतृषितो नाभ्यर्थितस्त्वं मया,
संतुष्टस्तृणभक्षणेन सततं साधो ! नयुक्तं तव;
स्वर्गे यान्ति यदित्वया विनिहता यज्ञे ध्रुवं प्राणिनो,
यज्ञं किं न करोषि मातृपितृभिः पुत्रैस्तथा बान्धवैः!"

તાત્પર્ય--હે યજ્ઞ કરવાવાલા મહારાજ ? હું સ્વર્ગફલ મેલવવા માટે તરસ્યો નથી તેમજ મેં તને સ્વર્ગ પહોંચાડવા વિનતિ પણ કરી નથી. પણ હું તો ફકત તૃણ ભક્ષણ કરવામાંજ નિરંતર સંતોષ માનું છું માટે હે સત્પુરૂષ ? તને આ યજ્ઞ કરી પશુઓ હોમવા તે લાયક નથી, વલી જો તમારા મારેલ પ્રાણીઓ નકકી સ્વર્ગમાં જતા હોય તો આ યજ્ઞમાં તારા માતપિતા, પુત્ર તેમજ બન્ધુઓને મારીને સ્વર્ગમાં કેમ મોકલાવતો નથી ? બંગાલા દેશમાં કેટલાએક મનુષ્યોના મત્સ્ય ભક્ષણાદિ ખોટા વ્યવહાર જોઇને કવિઓએ હાસ્ય કર્યું છે કેઃ—

"स्थाने सिंहसमारणे मृगसमाः स्थानान्तरे जम्बुका,
आहारे बककाकशूकरसमाइछागोपमा मैथुने ।
रूपे मर्कटवत् पिशाचवदना क्रूशः सदा निर्दया,
बङ्गीया यदि मानुषा हर? हर ? प्रेताः पुनः कीदृशाः" ॥

શ્રી દશ વૈકાલિક સૂત્રમાં પણ જૈન શાસ્ત્રકારોએ દર્શાવ્યું છે કેઃ-

"सव्वेजीवा वि इच्छन्ति, जीविउं न मरिज्जउं ।
तम्हा पाणिवहं घोरं, निग्गंथा वज्जयंति णं." ॥

**ભાવાર્થ**—સર્વ જીવો જીવવાની ઇચ્છા કરે છે પણ મરવાની કોઇ ઇચ્છા કરતા નથી, માટેજ પ્રાણિવધ ઘોર પાપરૂપ હોવાથી નિર્ગ્રંથ પુરૂષો તેનો ત્યાગ કરે છે. એક તત્ત્વવેત્તાએ કહ્યું છે કે—

दीयते म्रियमाणस्य, कोटिर्जीवित एव वा ।
धनकोटिं परित्यज्य, जीवो जीवितुमिच्छति ॥

મરતા જીવને કોઇ માણુસ એક કરોડ સોના મહોરો આપે અને કોઈ મનુષ્ય તેને ફક્ત જીવિતદાન આપે તો તે ધનની લાલચ છોડી દઇ જીવવાનીજ ઇચ્છા કરે છે. માટે બુદ્ધિમંત અને સુજ્ઞ જનોએ પ્રાણી હિંસા સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે.)

એ પ્રમાણે જીવ દયાના અધિકારમાં જીવોની હિંસાથી તેમજ અહિંસાથી કેવા કેવા ફલો ભોગવવા પડે છે તે સર્વનું એવું સ્પષ્ટ સ્વરૂપ તે મુનિશ્રીએ સમજાવ્યું કે જેથી ભાનુ પોતાના કરેલા પાપથી કંપવા લાગ્યો. હવે તે મુનિ પાસે જીંદગી પર્યંતના હિંસાના ઉત્તમ નિયમને ગ્રહણ કરીને સાધુને પોતાના સ્થાનકે લઇ જઈને શુદ્ધ અન્નથી પ્રતિલાભ્યા. એ પ્રમાણે તેણે નિરંતર જીવ દયા પાલવા માંડી તેમજ શુદ્ધ નીતિ પૂર્વક દ્રવ્ય મેલવી આજીવિકા કરતા અન્તે મરણ પામીને હે રાજન્ ? દાન આપવાના પુણ્યથી તેમજ જીવ દયા પાલન કરવાના પ્રભાવથી રૂપમાં કામદેવ સરખો તું રાજા થયો છે. ચંદ્રાદિત્ય પણ જીનાલય સંપૂર્ણ કરી પ્રાયશ્ચિતથી શુદ્ધ થયોછતો સૌધર્મ દેવ-લોકમાં દેવતા થયો. ને તેજ ભવમાં સાક્ષાત્ પુણ્ય સ્વરૂપ જીન મંદિરને પાડી નાંખીને આ નગરની ચારે બાજુ કીલ્લો બનાવ્યો હતો તે તેમજ વિપ્રઘાત, સ્રીઘાત, રૂષિઘાત, ગોઘાત, તીર્થઘાત આ પાંચ મોટી હત્યાઓ કરી હતી તે સર્વે પુણ્યમાં વિઘ્ન કરનાર થયા છે તેમાં પણ તને જે

યાત્રામાં વારંવાર વિઘ્ન નડયું તે તીર્થ હત્યાનુંજ કારણ છે. માટે તેને દૂર કરવા માટે આ પ્રકારે પ્રાયશ્ચિત તું સાંભળ.

પ્રથમ શ્રી રૂષભદેવજી પ્રભુના વારામાં બાર માસી તપ હતો. અને હમણાં અષ્ટમાસી અને ષાણ્માસિક (છ માસી) તપ છે. સર્વોત્કૃષ્ટ તપ અષ્ટમાસી કરવાથીજ પ્રાયશ્ચિતની શુદ્ધતા થાય છે. વળી તીર્થ હત્યા કરનારાઓને ફરીથી તીર્થ સ્થાપન કરાવવાથીજ પ્રાયશ્ચિત શુદ્ધિ થાય છે કારણ કે વિશિષ્ટ પ્રકારના અભિગ્રહ પૂર્વક જેઓ શ્રી શત્રુંજય આદિ પવિત્ર તીર્થોપર પ્રાયશ્ચિત ગ્રહણ કરે છે તેઓ સર્વ પાપથી મુકત થાય છે. એ પ્રમાણે સાંભળીને રાજાએ કીલ્લામાં પ્રવેશ કરવાનો ત્યાંજ નિયમ ગ્રહણ કર્યો અને સર્વ પ્રજા વર્ગને બોલાવીને ત્યાંજ રહ્યો. ગુરૂને પણ ત્યાં રાખીને તેઓશ્રી સમીપે જયાં સુધી હું યાત્રા કરીને અહીં ન આવું ત્યાં સુધી પૃથ્વીપર શયન કરીશ એવો અભિગ્રહ કર્યો તેમજ અનુક્રમે ૧ મૈથુન. ૨ દહીં. ૩. દુધ. એ ત્રણ વસ્તુઓ ૧ તીર્થહત્યા. ૨ બ્રહ્મહત્યા ૩ પુત્રહત્યાની શુધ્ધિ માટે ત્યાગ કરીશ તેમજ સ્ત્રીહત્યા અને ગાય હત્યાની શુધ્ધિ માટે પરસ્ત્રી, માંસ, મધ યાવજ્જીવ ત્યાગ કરીશ એવા નિયમો લીધા ત્યાર બાદ રાજાએ ગુરૂના વચનથી નવિન જીન પ્રાસાદ બંધાવવા માટે પોતાના માણસોને આજ્ઞા કરીને એકાંતરે ઉપવાસ કરવા પૂર્વક અષ્ટમાસી તપ શરૂ

કર્યો. આઠ મહિને તે પ્રાસાદ સંપૂર્ણ થયો ત્યારે રાજાએ મ્હોટા ઉત્સવ પૂર્વક શ્રી ઋષભદેવ પ્રભુની સુવર્ણમય પ્રતિમા જીનાલયમાં સ્થાપન કરી તે પ્રતિમાની વિધિયુક્ત ત્રણુ કાલ પૂજા કરતાં છતાં આઠ માસે બાકીનો તપ પુરો કર્યો હવે તીર્થહત્યાના પાપથી મુક્ત થયેલ રાજાએ શુભ દિવસે ભરતેશ્વર મહારાજાની પેઠે શ્રી શત્રુંજય તીર્થની યાત્રા નિમિતે ગુરૂ સાથે ત્યાંથી પ્રયાણ કર્યું.

જ્યારે રાજા નગર બહાર નીકળી પ્રયાણ કરતો હતો તેવામાં શરૂઆતમાંજ બિલાડી તેના પગ આગલ થઈને ગઈ. રાજાએ તેનું કારણ ગુરૂને પુછયું ત્યારે ગુરૂએ જણાવ્યું કે તેં જે બાળહત્યાદિ ઘોર પાપો કરેલ છે તે હવે નષ્ટ થશે એમ સૂચવે છે. એ પ્રમાણે ગુરૂનું વચન હૃદયમાં સદ્દહીને શ્રીમાન્ આદીશ્વર પ્રભુના ધ્યાનમાં એકાગ્રમન વાલો રાજા અસ્ખલિત પ્રયાણથી શ્રી શત્રુંજય પર્વત પાસે પહોંચ્યો. શ્રીશત્રુંજય તીર્થ દ્રષ્ટિગોચર પડયું કે તુરત પોતાના સૈન્યને ત્યાંજ સ્થાપન કરીને શરીરે પવિત્ર થઈ તીર્થ સન્મુખ કેટલાએક ડગલા આગળ જઈને સર્વ સંઘ સહિત સિંહાસન પર અરિહંત પ્રભુની પ્રતિમા પધરાવીને સર્વ પૂજા કરવાના સાહિત્યોથી તે પ્રતિમાનું વિધિ પુરઃસર પૂજન કર્યું ત્યાર બાદ રત્નના થાળમાં સોનાના જવોથી આઠ મંગલ આલેખીને એકસો આઠ શ્લોક પૂર્વક સ્તુતિ કરી. તેમજ

શક્રસ્તવ (નમુથ્થણું) કહેવા પૂર્વક ચૈત્યવંદન કર્યું. તદનંતર ગુરૂને નમસ્કાર કરી સુવર્ણ-મણી-રત્ન-મોતી વડે ગુરૂને વધાવ્યા. યાચકજનોને ઇચ્છિત દાન આપ્યું. તેમજ મિષ્ટાન્ન ભોજન પૂર્વક સર્વજનોને વિશેષતઃ સાધર્મિક બંધુઓને ભોજન કરાવી સંતુષ્ટ કર્યા. ત્યારબાદ બાકીનો માર્ગ ઉલ્લંઘન કરીને રાજા શ્રીશત્રુંજય પર્વતપર ગુરૂને આગલ કરીને ચડયો. ત્યાં રાજાના ચિત્તમાં શ્રી આદિ પ્રભુનો મનોહર અને ભવ્ય પ્રાસાદ નિરખવાથી અપૂર્વ આલ્હાદ ઉત્પન્ન થયો. તે પવિત્ર તીર્થપર આઠે દિવસ સ્નાત્રપૂજા, ધ્વજારોપણ, અમારીપડહ, સ્નાન, ભોજનાદિ સુકૃત્યો સંઘપતિના ધર્મ પ્રમાણે રાજાએ કર્યા.

નિરંતર તીર્થસેવાની ઇચ્છા રાખનાર, ધર્મધ્યાનમાં લીન, ત્રણે કાલ અરિહંત પ્રભુની પુજા કરતા, નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતા, સાધુઓને તેમજ સાધર્મિક બંધુઓને દરેક પારણાના દિવસે યથોચિત ભોજન-પાનથી સત્કાર કરતા એવા રાજાએ એક માસમાં દશ છઠ્ઠની તપશ્ચર્યા પાણી વિના કરી. ત્રિશમા દિવસે બ્રાહ્મ મુહૂર્ત્તમાં ચાર કાળી બિલાડીઓ જોઇ. તેને જોઇને તેણે અનુમાન કર્યું કે પહેલા કરેલ બ્રહ્માદિ ચાર હત્યાનું પાપ તપના પ્રભાવથી ક્ષય થાય છે એમ નિશ્ચય કરી ફરીથી પણ તેણે અઠ્ઠમની તપશ્ચર્યા આઠ વાર કરી. તે અઠ્ઠમની તપશ્ચર્યાના અન્તે ચાર ધોળી બિલાડીઓ જોઈ.

વળી પણ તપના પ્રભાવથી કર્મનો ધ્વંસ થાય છે. એમ માની પહેલાની માફક છ દશમની તપશ્ચર્યા કરી. તેને છેડે ઉંદરના પ્રમાણ જેટલી આઠ ધોળી બિલાડીઓ જોઈ તેથી વિશેષ હર્ષિત થયો થકો પાંચ દ્વાદશ (પાંચ ઉપવાસ) નો તપ કર્યો. ત્યારબાદ ઓગણત્રીશમા દિવસે નમસ્કાર મંત્રનું સ્મરણ કરીને થોડી નિદ્રા લીધી. નિદ્રામાં એવું સ્વપ્ન આવ્યું કે હું કોઈએક સ્ફટિક પર્વતના પહેલા પગથીઆપર રહ્યો હતો તેવામાં કોઈ એક અત્યંત વૃદ્ધ અને કૃશ પુરૂષે મને પર્વતથી નીચે પાડયો. ત્યાંથી હું બીજે પગથીએ આવ્યો. અને બીજેથી ત્રીજે પગથીએ આવ્યો. ત્યાર બાદ પર્વતના શિખરપર ચઢીને મુકત રાશિમાં ગયો. આ સ્વપ્ન રાજાએ સવારમાં ગુરૂને નિવેદન કર્યું તથા તેનું ફળ પુછ્યું ગુરૂએ તેનું સ્પષ્ટ સ્વરૂપ સમજાવ્યું કે જે તું સ્ફટિક પર્વત ઉપર ચડયો તે પર્વત રૂપ જૈન ધર્મ જાણવો. તે પર્વતના પહેલા પગથીયા રૂપ ઉત્તમ દશ દ્રષ્ટાંત દુર્લભ મનુષ્ય જન્મ સમજવો. આ મનુષ્ય ભવરૂપ પ્રથમ પગથીયાથી પાપ રૂપ અંતરાયનો અલ્પ કર્મનો ઉદય હોવાથી પડયા છતાં બીજા પગથીયા રૂપ સ્વર્ગ લોકમાં તું જઈશ અને કેવલ જ્ઞાનરુપ ત્રીજું પગથીયું મનુષ્ય ભવમાં પામીને સર્વ કર્મરહિત થઇ સિદ્ધ સમૂહમાં તું પ્રવેશ કરીશ. અર્થાત્ મોક્ષપદ પામીશ. પરંતુ તેં પૂર્વે કરેલું કર્મ છદ્મસ્થ-

પ્રભુથી હું પણ જાણી શકતો નથી માટે મહાવિદેહ ક્ષેત્રમાં વિદ્યમાન શ્રી સિમંધર પ્રભુને પુછ. સીમંધર સ્વામી પાસે કેવી રીતે જવાય એમ રાજાએ પૂછયું ત્યારે ગુરૂએ કહ્યું કે તારા પુણ્ય પ્રભાવથી થોડા કાલમાં તારે ત્યાં જવાનું થશે. આ પ્રમાણે ગુરૂએ રાજાના વિશેષ લાભ માટે ફરમાવ્યું કારણ કે કેવલી ભગવાન્ વિના સંપૂર્ણ પૂર્વ ભવનું સ્વરૂપ જાણી શકાય નહીં. ત્યાર બાદ અંતરાયરૂપ પાપકર્મ વિચ્છેદ કરવા માટે રાજા પારણાના દિવસે પણ ઉપવાસ કરી થોડી નિદ્રા લઈને જાગ્યો તેવામાં પોતાને એક મોટી વિકટ અટવીમાં પડેલો એથી જોઈને મનમાં વિચાર કર્યો કે ખરેખર શું મને ગુરૂએ કહેલ અંતરાયજ પ્રાપ્ત થયો છે કે શું? અથવા તો વિશેષ ખેદ કરવાથી શું વળવાનું છે. શ્રી શત્રુંજય તીર્થધિરાજ શ્રીમાન્ રુષભદેવ પ્રભુને નમસ્કાર કર્યા બાદ હું ભોજન લઈશ આમ નિશ્ચય કરી તપથી આક્રાંત થયેલ, તૃષાથી થાકી ગએલ, ક્ષુધાથી પીડાએલ મધ્યાહ્ન સમયના તડકાથી તપ્ત થયેલ રેણુ (ધુલ)થી પગે દાઝતો, ખેદરહિત ચિત્તવાન્ એવો રાજા આદિશ્વર પ્રભુના ધ્યાનપૂર્વક આગળ ચાલ્યો. આ પ્રમાણે રાજા ચાલ્યો ચાલ્યો જાય છે તેવામાં કોઈ એક નવીન અને યુવાન સ્ત્રીએ આવીને તેની સન્મુખ સુંદર ફલો મુક્યા. પણ તેણે પ્રભુનાં દર્શન કર્યા સિવાય કાંઈ પણ વસ્તુ ખાવી

નહિં એવો દ્રઢ નિયમ હોવાથી તે ફલોને સ્પર્શ પણ કર્યો નહિં તેમજ પાણી પણ પીધુ નહિં. ત્યાર બાદ આશ્ચર્યપૂર્ણ હૃદયવાન્ રાજા તે નવીન સ્રીની સાથે મ્હોટા સ્તંભ વડે આકાશમાં વ્યાપ્ત મંદિરમાં શુદ્ધ ભાવપૂર્વક ગયો. તેણે મંદિરમાં પ્રભુની મૂર્ત્તિ નહિં જોતાં આશ્ચર્ય ઉત્પાદક સૌંદર્યતાની સાક્ષાત્ મૂર્તિરૂપ, શૃંગારાદિ હાવભાવની ચેષ્ટાથી ચિત્ત આકર્ષણ કરનારી, મનોહર વિલાસો સહિત એવી એક હજાર સ્રીઓને જોઈ. તે હજાર સ્રીઓમાંથી એક અગ્ર-ગણ્યા (મુખ્ય) સ્રી ઉઠીને બે હાથ જોડી રાજાની પાસે આવીને પ્રણયપૂર્વક બોલી કે હે ગુણના ભંડારરૂપ! તું અહીં અમારા ભાગ્યોદયથીજ આવ્યો છે. આ સ્રીઓનું રાજ્ય છે. જે પુરૂષ અહીં આવે છે તે અમારો પતિજ ગણાય છે આ પ્રમાણે સ્નેહ સહિત વચન વિલાસો શ્રવણ કરી રાજાએ વિચાર કર્યો કે આ તો મારે માથે એક મોટું સંકટ આવી પડયું 'इतोऽव्याघ्र इतस्तटी' એ ન્યાય પ્રમાણે હું પણ અહીં સપડાયો છું હવે આવા પ્રસંગે મારે મૌન ધારણ કરવું એજ સર્વથા શ્રેષ્ઠ છે કહ્યું છે કેઃ—'मौनं सर्वार्थसाधनं' મૌન એજ સર્વ અભીપ્સિત વસ્તુનું સાધક છે. રાજાએ જ્યારે તેઓને કાંઈ પણ ઉત્તર આપ્યો નહીં ત્યારે મુખ્ય સ્રીએ હુકમ કરાયેલ બીજી સ્રીઓએ સ્નાન-ભોજનાદિ સર્વ પ્રકારની સામગ્રી તૈયાર કરી રાજાની સમક્ષ

લાવી મુકી તેમજ વિજ્ઞપ્તિ કરી કે હે પ્રાણેશ ? અમારા ઉપર કૃપા દ્રષ્ટિ લાવીને આપની રૂચી પ્રમાણે સ્નાન તથા ભોજન કરીને અમારી સાથે યાવજ્જીવ પર્યંત વિષય સુખ ભોગવો. અહીં તમારે કાંઇ પણ ભય રાખવો નહિં. એવા વચનો કહ્યા છતાં પણ રાજાએ કાંઇ જવાબ ન આપ્યો ત્યારે પહેલાં તો મિષ્ટ વચનથી અનુકૂલ ઉપસર્ગો કરીને પછી પ્રતિકૂલ ઉપસર્ગો અનેક પ્રકારે કર્યા તો પણ અસ્ખલિત ચિત્તવાન્ રાજા જરા માત્ર નહિં ડગતા ધર્મ ધ્યાનમાંજ લીન થયો છતો રહ્યો છે તેવામાં પોતાને શ્રી શત્રુંજય પર્વતપર રહેલ જોયો. અહો ? આ તે શું સ્વપ્ન કે સાચો બનાવ? એમ વિચાર કરે છે તેવામાં જેની સુગંધિથી ભમરાઓ ચારે બાજુ ભમ્યા કરે છે એવી ખુશબોહાર આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થઈ તથા તેની સન્મુખ દેદીપ્યમાન કાંતિવાલા અને સુવર્ણના કુંડલ ધારણ કરનાર તેમજ જય જયના શબ્દો કરતા એવા કોઈક દેવતાએ પ્રગટ થઇને કહ્યું કે હે ધૈર્યવાન્ રાજા? દેવલોકમાં સૌધર્મેન્દ્રે તારા ધૈર્યની પ્રશંસા કરી તેને મેં સત્ય નહિં માનવાથી આ સર્વ ચેષ્ટા મેં તારી પરીક્ષાને માટે કરેલી છે માટે હે પુણ્યશાલી પુરૂષ! તને દુઃખ આપ્યું તે મારો અપરાધ ક્ષમા કર. હું તારા સત્વ ગુણથી સંતુષ્ટ થયો છું માટે વરદાન માગ. રાજાએ જણાવ્યું કે મારી પાસે ધર્મરૂપ ધન

હોવાથી હું ધનની ઈચ્છા તો રાખતોજ નથી પણ સીમંધર સ્વામી પાસે જવાની મારી સંપૂર્ણ અભિલાષા છે તે સંપૂર્ણ કર. ત્યાર બાદ દેવતાની સહાયથી સર્વ જનોમાં શિરોમણી એવો રાજા દેવગુરૂને નમસ્કાર કરીને મહાવિદેહ ક્ષેત્રમાં ગયો ત્યાં અશોક[1]વૃક્ષાદિક આઠ મહાનૂ પ્રાતિહાર્યરૂપ

अशोकवृक्षः सुरपुष्पवृष्टि, र्दिव्यध्वनिश्चामरमासनंच ।
भामंडलं दुंदुभिरातपत्रं, सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥

૧ અશોક વૃક્ષ ૨ દેવતાએ કરેલ પુષ્પોની પંચવર્ણી સુગંધી વૃષ્ટિ ૩ દિવ્ય ધ્વનિ ૪ ચામર ૫ સિંહાસન ૬ પ્રભુની પાછલ ભામંડલ મુકવામાં આવે છે તે ૭ દેવ દુંદુભિ ૮ છત્ર એ આઠ જીનેશ્વરોના શ્રેષ્ઠ પ્રાતિહાર્યો (અતિશયો) છે.

લક્ષ્મીથી શોભાયમાન શ્રી સીમંધરજીનને વંદન કરીને પુછયું કે હે પ્રભુ! મ્હારે ઘણા લાંબા કાલથી શાનો અંતરાય છે. સીમંધર સ્વામીએ પણ સમુદ્ર અને સિંહની તેમજ નાગ ગોષ્ટીકની કથા જે પ્રમાણે શ્રી યુગંધરાચાર્યે કહી હતી તે સર્વ કહી તેમજ વળી કહ્યું કે પુર્વ ભવમાં ઉપાર્જન કરેલ કર્મો ભોગવ્યા સિવાય કોઇ પ્રાણી છુટી શકતો નથી. તે સંબંધમાં તુંજ પોતે તારૂં દ્રષ્ટાંત વિચારી જો કે તેં સિંહના ભવમાં તારા ભાઇને યાત્રાનું વિઘ્ન કર્યું હતું. તથા આ નાગનો જીવ પણ ચંદ્રાદિત્ય

રાજાના ભવમાં સર્વ સત્કર્મથી પાપ પ્રક્ષાલન કરી સૌધર્મ દેવલોકે દેવતા થયો છે માટે કરેલ કર્મ ભોગવવું જ પડે છે. કહ્યું છે કે:—

अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम् ।
नाभुक्तं क्षीयते कर्म, कल्पकोटिशतैरपि ॥

શુભ અથવા અશુભ કર્મ નિશ્ચયે ભોગવવું જ પડે છે કરોડો યુગે પણ ભોગવ્યા વિના કર્મ નાશ પામતું નથી. એ પ્રમાણે શ્રી સીમંધર સ્વામીના મુખકમલથી રાજા તથા દેવતા પોતાનું ચરિત્ર સાંભળીને હર્ષિત થઈ જીનેશ્વરને નમન કરી શ્રી શત્રુંજય પર્વતપર ગયા. તે પર્વતપર શ્રી આદીશ્વર પ્રભુની ભક્તિપૂર્વક સ્નાત્રપૂજાદિક મહોત્સવ કરીને પોતાના આત્માને ધન્ય માનતા હતા. તત્પશ્ચાત્ નિરંતર પૂજા વખતે ચડાવતા હતા તેમજ માણેક રત્નથી સુશોભિત મોટી ધ્વજા આપીને અખંડિત ભક્તિભાવોલ્લાસથી તે બન્ને રહેતા હતા. એ પ્રમાણે કપટ રહિત બન્ને અત્યંત મોટી પ્રભાવના તથા સર્વજ્ઞ પ્રભુના શાસનની ઉન્નતિનો લાંબા વખત સુધી વિસ્તાર કરતા હતા. ત્યારબાદ અનંત ગુણા ઉત્સાહથી ધર્મધ્યાનમાંજ જેના રોમાંચો નિરંતર પ્રફુલ્લિત થયા છે એવા નાભાક રાજાએ ધર્મશાળાના સ્થાનનો આશ્રય લીધો. ત્યાં રહી ડિંડિમ ઉદ્ઘોષણા કરાવવા પૂર્વક

પોતાનું ધન યાચકજનોને આપતા સર્વ જગતને દારિદ્રય વિનાનું બનાવ્યું. પછી પુણ્ય ઉપાર્જન કરવાથી પવિત્ર થયેલ અને સર્વ પાપોની જેણે શુદ્ધિ કરેલી છે એવા તે નાભાક રાજાએ ગુરૂ સાથે પોતાના નગર તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં પગે જોડા રહિત ગુરૂના જમણા પડખે ચાલતો તેમજ ઉંચ-નિચ પૃથ્વીને બતાવતો તે રાજા અત્યંત ગુરૂ-ભક્ત શિરોમણી થયો. ચંદ્રાદિત્ય દેવતા પણ છત્રવિસ્તારતો અને સદ્ગુરૂ તથા રાજાના બન્ને પડખે ચામરોને વિંજતો સંવર્તક વાયરાથી આગલ આગલ કાંટાદિક દૂર કરતો તેમજ સુગંધી પાણી સિંચન કરી માર્ગની ધૂલ શાંત કરતો, સુગંધી પાંચ વર્ણના દિવ્ય સચિત્ત પુષ્પોથી ભૂમિને ઢાંકતો એક યોજન પ્રમાણ ઉચ્ચ મોટી ધ્વજા ફરકાવતો છતો "एतयोरवमन्तारो, यास्यंति प्रलयं स्वयं। एतत्पादाब्जनन्तारो, वार्द्धिष्यन्ते महाश्रिया" (આ સદ્ગુરૂ અને રાજાને નહિં માનનારાઓ નાશ પામશે અને તેઓના ચરણ કમલને નમસ્કાર કરનાર લોકોને મહાન લક્ષ્મીની વૃદ્ધિ થશે) એવી આકાશવાણીથી સ્વર્ગમાં દુંદુભિ નાદ કરતો છતો ગુરૂની અત્યંત ભક્તિ કરતો હતો. તેમજ રાજાને સાન્નિધ્ય (સહાય) કરતો હતો. એ પ્રમાણે માર્ગમાં પ્રયાણ કરતાં કરતાં રાજા પોતાના નગરમાં આવ્યો. તત્પશ્ચાત્ ગુરૂએ પણ નાભાક રાજાને શ્રી સમ્યકત્વ મૂળ બારવ્રત

ઉચ્ચરાવી શુદ્ધ શ્રાવક કર્યો. અને ગુરૂએ બીજે સ્થલે વિહાર કર્યો. ત્યારબાદ દેવતાની સહાયથી વાસુદેવની પેઠે નાભાક રાજાએ અર્ધ ભરતના ત્રણે ખંડ સાધ્ય કર્યા તેમજ સોલ હજાર રાજાઓને પોતાને તાબે કરી સર્વ સ્થળે પોતાની આજ્ઞા પ્રવર્ત્તાવીને સમ્યક્‌પ્રકારે રાજ્યનું તથા ધર્મનું પાલન કરે છે. રાજા પોતે નિરંતર ત્રણકાલ પૂજા, સાંજ સવાર ગુરૂવન્દન, અને સામાયિક, પ્રતિક્રમણાદિ શ્રાવક યોગ્ય નિત્ય કરણી કરે છે. તે રાજાએ દરેક ગામ અને શહેરોમાં ઉંચા જૈન દેવાલયો બંધાવ્યા તેમજ હજારો ધર્મશાળાઓ બંધાવી. વળી ૧ સાહિલીક (નિંદા) ૨પરદ્રોહ. ૩ પૈશૂન્ય (ચાડી) ૪ કજીઓ. ૫ ઈર્ષ્યા અને મદ્ય, માંસ વિગેરે સાત વ્યસનથી સર્વ ઠેકાણે દરેક પુરૂષોને અટકાવ્યા તે સમયમાં કોઈ પણ માણસ મિથ્યાત્વ, પાપ, તેમજ અન્યાય મનથી પણ કરે તો તેને તેજ વખતે તે દેવ શિક્ષા કરતો. એ રીતે રાજાએ પોતાની આજ્ઞા તથા ધર્મ પોતાના રાજ્યમાં ફેલાવવાથી તે દેશના સર્વ જનો તેના અનુસારેજ વર્ત્તન કરતા હતા. કહ્યું છે કે 'यथा राजा तथा प्रजा' જેવો રાજા તેવી તેની પ્રજા હોય છે. એવી રીતે તે દેશમાં જેમ જેમ પુણ્યની વૃદ્ધિ થવા લાગી તેમ તેમ સુવૃષ્ટિ, ધાન્યવૃદ્ધિ, ઘણા પુષ્પ આપનાર વૃક્ષો, ઘણું દુધ આપનાર ગાયો, ઘણી રત્નમય ખાણો, અત્યંત લાભકારક વ્યાપાર

સારી રીતે ગમન થઈ શકે તેવા દૂરના દેશો થયા. તેમજ લોકો પણ નિરોગી, અત્યંત સુખી, દીર્ઘાયુષી, પુત્રપૌત્રાદિક સંતતીની વૃદ્ધિવાળા થયા. એવી રીતે તે રાજ્યના લોકોને ધર્મ પ્રભાવથી થયેલ સુખ જોઇ દેવલોકમાં રહેલ ધર્મવર્જીત દેવતાઓ લજ્જા પામ્યા. બુદ્ધિમાન્ શ્રી નાભાક રાજા પણ ચિરકાલ શ્રેષ્ઠ રાજ્ય પાલન કરી અંતે અનશન ગ્રહણ કરી બારમા અચ્યુત દેવલોકે દેવતા થયો. ત્યાંથી મનુષ્ય જન્મ પામીને મોક્ષમાં જશે તેમજ ચંદ્રાદિત્ય દેવ મનુષ્ય જન્મ પામી મોક્ષ પામશે.

श्री नाभाकनरेन्द्रस्य, निशम्येदं कथानकं । देवद्रव्याच्चदूरेण,
नित्यं स्थेयं मनीषिभिः ।

તાત્પર્ય—આ શ્રી નાભાક રાજાની કથા શ્રવણ કરીને બુદ્ધિમાનોએ દેવદ્રવ્યથી તદ્દન દૂર રહેવું ઉચિત છે. શ્રીમાન્ મેરૂતુંગાચાર્યજીએ આ કથા બનાવી છે.

( શ્રી દેવદ્રવ્ય અધિકારમાં નાભાક રાજાની કથા સંપૂર્ણ. )

शिवमस्तु सर्वजगतः, परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयांतु नाशं, सर्वत्र सुखी भवन्तु लोकाः ॥

# દેવદ્રવ્યના સંબંધમાં કેટલીક સૂચનાઓ.

૧-પ્રભુ પૂજા કરવામાં ધૂપ, કેસર, બરાસ, સુખડ વિગેરે વસ્તુઓ બનતા સુધી દરેકે પોતાની યથાશક્તિ દહેરાસરમાંથી નહિં વાપરતાં પોતાના ખર્ચથી લાવીને વાપરવી એ શ્રેયસ્કર તથા યથાર્થ ફલદાયી છે.

૨-શ્રાવકે દેવદ્રવ્ય અંગ ઉધારકે મકાન અથવા ઘરેણા વિગેરે ઉપર વ્યાજે લેવું નહીં. કારણકે સ્થિતિના ફેરફારે કદી દેવું રહી જાય તો પછી સંબંધાદિ કારણથી શ્રાવકભાઇઓ કહી શકે નહીં. અને ડુબી જવાનો વખત આવે.

૩-દેરાશરમાં મુકાયેલ ફળ નૈવેદ પૈકી જે રાખી મુકવાથી બગડે નહીં તેવાં શ્રીફળ, સોપારી, બદામ, પતાસાં, સાકર વિગેરે તો વેચવામાં આવે છે ને તેની ઉપજ દેવદ્રવ્યમાં જાય છે પણ તિથિ પર્વાદિકે યા મહોત્સવાદિ પ્રસંગે જ્યારે પુષ્કળ ફળ-નૈવેદ ચડાવવામાં આવ્યું હોય ત્યારે ગોઠી, ભોજક, માળી વિગેરે જે પ્રભુની ભક્તિ કરનારા છે તેની સારી સંખ્યા હોય તો આપી દેવું. નહીં તો યોગ્ય માણસને ત્યાં વેચીને તેની ઉપજ દેવદ્રવ્યમાં નાંખવી એવો શ્રાદ્ધ વિધિમાં લેખ છે પરંતુ તેમ કરવાથી જ્યાં શાસનની હીલના થાય તેમ હોય ત્યાં વેચવું નહીં વેચાય તેમ ન હોયતો અયોગ્ય કે પોતાના વગવાળાને આપવું નહીં. વિચાર પૂર્વક યોગ્ય વ્યવસ્થા કરવી.

૪-ચોખાના ભંડારમાં ચોખા થોડા કે વધારે આવેલ હોય પણ દર માસે અવશ્ય ભંડાર ખોલી કાઢીને વેચવાની વ્યવસ્થા કરવી. વધારે મુદત રાખવાથી ઘણીવાર અંદર જીવોત્પત્તિ થાય છે ને કાઢતાં તેનો વિનાશ થાય છે. માટે જીવયતના બરોબર થાય તેનું લક્ષ વહીવટ કર્તાઓએ અવશ્ય રાખવું.

## આત્મકલ્યાણનો સરલ માર્ગ (હિતશિક્ષા બાવીશી)

દેવ પૂજા નિત્ય કીજીએ, ગુરુ વંદન બહુ માન,
ધર્મ હૃદયમાં ધારીએ, તો થાયે કલ્યાણ. ૧
હિંસા કરવી આપની, ધરીએ આતમ ધ્યાન;
આત્મ સદૃશ પરને ગણો, તો થાયે કલ્યાણ. ૨
પરિગ્રહ મોટો ગ્રહ કહ્યો, વદે ઇમ ધીમન્ત,
ભવિ જીવ કરો શાસનરસી, તો થાયે કલ્યાણ. ૩
પરધન પથ્થર જાણીએ, પરસ્ત્રી માત સમાન,
અસત્ય ભાષણ છંડીએ, તો થાયે કલ્યાણ. ૪
ક્રોધ ન કરીએ કોઇસ્યું, તજો માન ગુમાન;
માયા-લોભ નિવારીએ, તો થાયે કલ્યાણ. ૫
રાગ-દ્વેષને દૂર કરી, મન મર્કટ કરો વશ;
ઇન્દ્રિય પાંચને વશ કરો, તો થાયે કલ્યાણ. ૬
જીવાજીવ પદાર્થનું, ઘટમાં ધરીને જ્ઞાન;
સુગુરુ સમીપ વ્રત આદરો, તો થાયે કલ્યાણ. ૭
ધર્મ સાધનના કારણે, શરીર પોષણ ઇમ જાણ;
ખાણુ નહિં વિષયની લાલચે, તો થાયે કલ્યાણ. ૮
રાત્રિ ભોજન નવિ કીજીએ, ચઉવિહાર પચ્ચખ્ખાણ;
નમુક્કારશી નિત્ય ધારીએ, તો થાયે કલ્યાણ. ૯
માંસ ભક્ષણ ત્યજવું સદા, ઉચિત ન મદિરાપાન;
મધ-માખણને છોડીએ, તો થાયે કલ્યાણ. ૧૦
પરોપકાર ને પરમી કરી, ઉદાર સુમન આણ;
લજ્જાળુ શું લાગો નહિં, તો થાયે કલ્યાણ ૧૧

નિત્ય[૪] મિત્રથી દૂર રહો, પર્વ[૫] મિત્ર તીમ જાણ;
જુહા[૬]ર મિત્રને સેવીયે, તો થાયે કલ્યાણ. ૧૨
મોક્ષ માર્ગ આરાધવા, રત્ન ત્રયી સુધાર;
જ્ઞાન ક્રિયાને આદરો, તો થાયે કલ્યાણ. ૧૩
પંચાશ્રવ વર્જી કરો, પંચાચાર સુખકાર;
પંચ જ્ઞાન આરાધીએ, તો થાયે કલ્યાણ. ૧૪
કર્મ કટક બલ ચૂરવા, જીનવાણી ધરો કર્ણ;
બાહ્યાભ્યંતર તપ કરો, તો થાયે કલ્યાણ. ૧૫
મોહ મદીરા વશ બની, ન થવું સ્ત્રી આશક્ત;
નિર્મોહી રહી એ સદા, તો થાયે કલ્યાણ ૧૬
અષ્ટ કર્મ ધ્વંસી ગ્રહો, અક્ષય અનંત સુખ સાર;
અષ્ટ મદને જો ગાલીયે, તો થાયે કલ્યાણ. ૧૭
મદ્ય વિષય કષાયને, ભવ ભ્રમણા રૂપ જાણ;
નિદ્રા વિકથાસવી છંડીયે, તો થાયે કલ્યાણ. ૧૮
ષડ્રસ ભોજન નહિં કરો, લુખાનું પણ માન;
જીહ્વા વશ જો રાખીએ, તો થાયે કલ્યાણ. ૧૯
નારી પ્રત્યક્ષ રાક્ષસી, ભુડો નહિં સુજાણ;
સુમતિ સદૈવ જો સેવીયે, તો થાયે કલ્યાણ. ૨૦
આર્ત્ત રૌદ્રને ત્યજી દઈ, ધર્મ શુકલ ધરો ધ્યાન;
ક્ષપકશ્રેણી આરોહીએ, તો થાયે કલ્યાણ. ૨૧
અચલ—અનંત—અક્ષય વલી, અવ્યાબાધ સ્વરૂપ;
શિવ રમણી શહ ભેટીયે, તો થાયે કલ્યાણ. ૨૨

---

૧ પુણ્ય–પાપ ૨ દયા–દાન ૩ લોભ ૪ શરીર. ૫ કુટુંબવર્ગ ૬ ધર્મ.

# શ્રી જિન મંદિરમાં દેવદર્શને જનાર બંધુઓ તથા બ્હેનોને જરૂરી સૂચના.

૧ શરીરની અશુદ્ધિ દૂર કરી સ્વચ્છ-ચોખ્ખાં સુઘડ વસ્ત્ર વિગેરે પહેરી દર્શન કરવા જવું.

૨ નિસ્સિહી વિગેરે દશત્રિકો અને પાંચ અભિગમો યથાર્થ સમજીને સાચવવા જાતે લક્ષ રાખવું અને અણજાણ હોય તેને ધીમે રહીને સ્વકર્તવ્ય સમજાવવું.

૩ દર્શન કરી રહ્યા પછી ઘરભણી જતાં પ્રભુને પુંઠ દઈ ચાલવું નહિ. પણ પાછે પગલે ચાલવું અથવા પડખાના બારણેથી નિકળવું.

૪ પુરૂષોએ પ્રભુની જમણી બાજુએ અને સ્ત્રીઓએ ડાબી બાજુએજ ઉભાં રહી દર્શન-વંદનાદિ કરવાં તેમજ ચૈત્યવંદનાદિક વખતે પણ એ વાત અવશ્ય લક્ષમાં રાખવી

૫ દેવદર્શન, પૂજા-ભક્તિ ખાસ કરીને જીવોની જયણા (રક્ષા) પૂર્વક થાય તેમ લક્ષ રાખવું પ્રભુ આજ્ઞામાંજ ધર્મ રહેલો છે. સાંજ સમયે આરતી-પૂજાદિક સંધ્યા અવસરેજ કરી લેવાં પણ મોડું કરવું નહિ.

૬ શાન્ત અને મધુર સ્વરે એકાગ્રતાથી પ્રભુ સ્તુતિ કરવી ઘોંઘાટ થવા ન દેવો

૭ ગુરૂ વિગેરેનો વિનય સાચવવા ભૂલવું નહિ, ગુરૂ ઉપર બહુ-માન, અંતરંગ પ્રીતિ રાખવી.

૮ પ્રભુના ગુણો બતાવનાર ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ વિગેરે દેરાસરમાં કહેવાં અને બીજાં પર્વ વિગેરેનું માહાત્મ્ય બતાવ-નારાં ચૈત્યવંદનાદિ સામાયિક, પ્રતિક્રમણ પ્રસંગે કહેવાં.

૯ દેરાસરની નજદિકમાં જાને કશી આશાતના કરવી નહિ તેમ તે થવા પણ દેવી નહિં.

૧૦ દેરાસર કે ઉપાશ્રયમાં કોઈ પ્રકારની સંસારની કુથલી કરવી નહિં.

(જૈનપાઠશાલા, કન્યાશાલા તથા શ્રાવિકા-
શાલાઓને ખાસ ઉપયોગી.)

## છપાય. છે

શ્રી જૈનગદ્ય-પદ્ય સમુચ્ચય ભાગ ૧ લો-આ પુસ્તકમાં સરસ્વતી-લક્ષ્મીનો સુંદર મનોરંજક સંવાદ નવઅંગપૂજાના દુહાનું વિસ્તારથી વિવેચન, શ્રીજૈન કોન્ફરન્સ તરફથી લેવામાં આવતી સ્ત્રીઓ તથા કન્યાઓની પરીક્ષાના ધોરણમાં આવતા સ્તવન, સઝાય તથા ગહુંલીઓ, શ્રાવક-શ્રાવિકાઓને નિરંતર ઉપયોગી આવશ્યક કર્ત્તવ્ય પ્રતિક્રમણના દરેક સૂત્રોના સંક્ષેપ હેતુઓ, સ્તવનો, ગહુંલીઓ, ગરબાઓ, વિગેરે જરૂરીયાત વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિશેષતઃવિદ્યા-લક્ષ્મીનો સંવાદ વિદ્યાર્થીઓને અતીવ પ્રિય તેમજ મેલાવડા પ્રસંગે ખાસ ઉપયોગી થઈ પડે તેમ છે. આ પુસ્તક પણ ઉપર લખેલ સ્થાને મલશે. કીંમત ૦-૪-૦ આ સમુચ્ચયનો બીજો ભાગ પણ તૈયાર થાય છે. પુસ્તક મલવાનું ઠેકાણુંઃ-

**પુરૂષોત્તમ જયમલદાસ મહેતા.**

ઠે. નાણાવટ પંડોલીપોળ—સુરત.

**શા૦ માનચંદ વેલચંદ**

ગોપીપુરા, બડેખાં ચકલો—સુરત.